RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 97, Dt.03-07-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# હાથરસની દર્દનાક દુર્ઘટના: સુપ્રીમ કોર્ટમાં ન્યાયની ગુહાર



મુખ્ય સમાચાર, નવીદિલ્હી

હાથરસ નાસભાગમાં સુપ્રીમ કોર્ટ તથા અલાહાબાદ હાઈકોર્ટને દખલગીરી કરવા માગ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં અરજી કરી દુર્ઘટના માટે જવાબદાર લોકો અને અધિકારીઓ વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવાની માગ કરી છે.

## હાથરસ કરૂણાંતિકામાં ૧૨૧ લોકોના મોત માટે બાબાના બ્લેક કમાન્ડો જવાબદાર: આ દુર્ઘટનાની તપાસ સીબીઆઈને સોંપવા કરાયેલી માંગ: બાબા ફરાર: પકડવા ઠેર ઠેર પોલીસના દરોડા

સુપ્રીમ કોર્ટના વકીલ વિશાલ તિવારીએ અરજી કરી સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજના નેતૃત્વ હેઠળ પાંચ સભ્યોની સમિતિ બનાવવા તથા ઉત્તરપ્રદેશ સરકાર સમક્ષ સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવાની માગ કરી છે. જેમાં જણાવ્યું છે કે, આવા આયોજનો માટે માર્ગદર્શિકા બનાવવામાં આવે. તેમજ અલાહાબાદ હાઈ કોર્ટના વકીલ ગૌરવ દ્વિવેદીએ પણ ચીફ જસ્ટિસને પત્ર લખી આ દુર્ઘટનાની તપાસ સીબીઆઈને સોંપવા માગ કરી છે.

પ્રત્યક્ષદર્શીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, જિલ્લાના સિકંદરારાઉ કસબા નજીક એટા રોડ સ્થિત ફુલરઈ ગામમાં સત્સંગ બાદ મોટી દુર્ઘટના સર્જાઈ હતી. નાસભાગનું મુખ્ય કારણ કથાવાચક ભોલે બાબાનો કાફલાની ધૂળ લેવા ભક્તોની પડાપડી હતી. જેથી મોટાભાગના લોકો કચડાઈ જવાથી મૃત્યુ પામ્યા હતાં. અત્યારસુધી કુલ ૧૨૧ લોકોના મોત નીપજ્યા છે. મૃતકો હાથરસ અને એટાના રહેવાસી છે.

બપોરે લગભગ ૧૨.૩૦ વાગ્યે સત્સંગ સમાપ્ત થયા બાદ ભીડને રોકી હતી. અને ભોલે બાબા પાછળના દરવાજેથી જઈ રહ્યા હતા. ત્યારે શ્રદ્ધાળુઓ બેકાબૂ બની ભોલે બાબાને પગે લાગવા પડાપડી કરવા લાગ્યા અને નાસભાગ થઈ. લોકો એક-બીજા પર પગ મૂકીને દોડતા રહ્યા અને સત્સંગ મંડપ નજીક આવેલા ખાડામાં પડ્યા હતા. આ ખાડામાં એકની ઉપર એક દટાઈ જવાથી ગૂંગળામણમાં લોકો મૃત્યુ પામ્યા હતા.જેમને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા છે. ઘટનાસ્થળે મન વિચલિત કરી દે તેવા લાશોના અંબારના દૃશ્યો ખડા થયા હતા. જયારે બીજી બાજુ જેમની ચરણ રજ લેવા શ્રધ્ધાળુઓ ભાગદોડ કરીને જીવ ખોટા તેવા ભોલેબાબા ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા. તેને પકડવા માટે પોલીસે ઠેર ઠેર દરોડા પાડવા શરૂ કર્યા છે.

# દુષ્કર્મના કેસોની ફરિયાદો રદ કરીશું તો ન્યાયનું વેચાણ થયુ ગણાશે

## ફરિયાદી–આરોપી વચ્ચેનું સમાધાન ફગાવતી દિલ્હી હાઈકોર્ટ

મુખ્ય સમાચાર, નેપાળી

રેપના એક કેસમાં આરોપી અને ફરિયાદી મહિલા વચ્ચે કોર્ટ બહાર થયેલી એક સમજૂતીને દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી હતી. સાથે જ કહ્યું હતું કે રૂપિયા લઈને થયેલી સમજૂતીના આધારે રેપના કેસોની ફરિયાદો રદ કરવા લાગીશું તો ન્યાયનું વેચાણ થયું ગણાશે માટે આવી કોઈ જ સમજૂતી ના સ્વીકારી શકાય.

આરોપીએ દિલ્હી હાઈકોર્ટમાં ફરિયાદ રદ કરવા માટે અપીલ કરી હતી, જેની સુનાવણી દરમિયાન આરોપીએ એવો દાવો કર્યો હતો કે ફરિયાદી મહિલાએ મારી સાથે ફરિયાદ પરત લેવા માટે દોઢ લાખ રૂપિયામાં સમજૂતી કરી લીધી છે. માટે આ ફરિયાદને રદ કરી દેવામાં આવે. જોકે હાઈકોર્ટે આ દલીલોને ફગાવતા કહ્યું હતું કે રેપના કેસમાં કોર્ટ બહાર સમજૂતી કરીને ફરિયાદ રદ કરવાની માગણી ના કરી શકાય.

હાઈકોર્ટના ન્યાયાધીશ સ્વરણા કાંતા શર્માએ કહ્યું હતું કે શારીરિક છેડતી કે રેપના કેસોમાં રૂપિયા લઈને કરાયેલી સમજૂતીનો સ્વીકાર ના કરી શકાય. ફરિયાદમાં મહિલાએ દાવો કર્યો હતો કે આરોપીએ પોતાની ઓળખ છુપાવી હતી અને પોતે છૂટાછેડા લઈ લીધા હોવાનો દાવો કર્યો હતો, બાદમાં




મારી સાથે લગ્નનુ વચન આપીને શારીરિક સંબંધ બાંધ્યો હતો.

કોર્ટે નોંધ્યું હતું કે જો આ કેસમાં મહિલા દ્વારા જુઠો કેસ દાખલ કરવામાં આવ્યો હશે તો તેની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. હાલ રેપના આ કેસમાં ફરિયાદ રદ કરવાની માંગ કરતી આરોપીની અપીલને હાઈકોર્ટે ફગાવી દીધી હતી.

ગુજરાત સહિત દેશભરના રાજયોમાં દુષ્કર્મના અનેક કેસો નોંધાતા હોય છે અને તે પૈકીના ઘણાં કેસોમાં સમાધાન કરી લેવામાં આવતુ હોય છે. આવા તબકકે દિલ્હી હાઈકોર્ટનો આ ચુકાદો દુરગામી અસરો સર્જે તેવી શકયતાનો ઈન્કાર થઈ શકતો નથી.

# શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજી વચ્ચે રચાયો ઈતિહાસ: સેન્સેકસ પ્રથમ વખત ૮૦ હજારની સપાટીને પાર

## બીએસઈનું માર્કેટ કેપ ૪૪૪.૨૧ લાખ કરોડના નવા શિખરે પહોંચ્યું

મુખ્ય સમાચાર, રાજકોટ

ભારતીય શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજીની દોટ વચ્ચે આજે નવો ઈતિહાસ રચાયો હતો અને બીએસઈના સેન્સેકસ ઈતિહાસમાં પ્રથમ વખત ૮૦ હજારની સપાટીને પાર કરી નવી ઉંચાઈએ પહોંચ્યો હતો.

શેરબજાર છેલ્લા કેટલાક દિવસોથી દરરોજ નવી નવી ઉંચાઈ સર કરી જ રહ્યું છે અને આજે પણ તેજીનો દોર જારી રહેવા સાથે સેન્સેકસ નવા શિખરે પહોંચ્યો હતો. શેરબજારમાં આજે શરૂઆત જ તેજીના ટોને થઈ હતી. વિશ્વબજારોમાં પોઝીટીવ ટ્રેન્ડ ઉપરાંત ચોમાસાની સંતોષકારક પ્રગતિ હોય તેમ સમગ્ર દેશને કવર કરી લીધાનો



રિપોર્ટ, ચાલુ માસમાં જાહેર થનારા કંપનીઓના ત્રિમાસિક પરિણામો અફલાતુન આવવાના આશાવાદ, જીએસટી કલેક્શનમાં સતત વૃદ્ધિ, માસાંતે રજુ થનારા સામાન્ય બજેટમાં શ્રેણીબદ્ધ સુધારાના પગલા આવવાના આશાવાદ સહિતના કારણોથી ટ્રેન્ડ તેજીનો બની ગયો હતો.

નાણાં સંસ્થાઓની ધૂમ લેવાલીથી તેજીને ટેકો મળી ગયો હતો. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે શેરબજાર તેજીના જ ઝોનમાં રહ્યું છે. નવા નવા સાનુકુળ કારણોથી તેજીનો દોર આગળ ધપી રહ્યો છે. કોઈ ગંભીર કારણ વિના માર્કેટ પ્રોત્સાહક જ બની રહે તેમ છે.

શેરબજારમાં આજે મોટાભાગના શેરોમાં ઉછાળો રહ્યો હતો. એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, ભારતીય એરટેલ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, જેએસડબલ્યુ સ્ટીલ, કોટક બેંક, સ્ટેટ બેંક જેવા શેરો ઉંચકાયા હતા. રિલાયન્સ, ટીસીએસ, ઈન્ફોસીસ, ટાઈટન જેવા કેટલાક શેરો નબળા હતા. મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૩૫૨ પોઈન્ટના ઉછાળાથી ૭૯૯૯૩ હતો જે ઉંચામાં ૮૦૦૭૪ તથા નીચામાં ૭૯૭૫૪ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૧૫૯ પોઈન્ટ ઉંચકાઈને ૨૪૨૮૩ હતો જે ઉંચામાં ૨૪૩૦૭ તથા નીચામાં ૨૪૨૦૭ હતો.

બીએસઈમાં ૩૩૩૮ શેરોમાં ટ્રેડીંગ થયુ છે તે પૈકી ૨૧૪૯માં ઉછાળો હતો. ૨૧૦ શેરો વર્ષની ઉંચાઈએ પહોંચ્યા હતા જયારે ૧૭૩માં તેજીની સર્કીટ લાગુ પડી હતી. બીએસઈનું માર્કેટકેપ ૪૪૪.૨૧ લાખ કરોડની રેકોર્ડ સપાટીએ પહોંચ્યું હતું.

# આસામમાં પૂરથી ૬ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત:૩૫ના મોત; મિઝોરમમાં ભૂસ્ખલન થતાં ૩ના મોત, આસામ, મેઘાલય અને ઉત્તરાખંડમાં રેડ એલર્ટ જાહેર

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

આસામમાં સતત વરસાદને કારણે અનેક જિલ્લાઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. ૧૯ જિલ્લાઓમાં ૬.૪૪ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. પૂરમાં અત્યાર સુધીમાં ૩૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. તિનસુકિયા જિલ્લામાં સોમવારે (૧ જુલાઈ) એક વ્યક્તિનું મોત થયું હતું.

આસામ અને અરુણાચલ પ્રદેશમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસાદને કારણે ઘણી નદીઓમાં પૂર આવ્યું છે. બ્રહ્મપુત્રા, સુબનસિરી, દિખૌ, દિસાંગ, બુરહિદિહિંગ, જિયા-ભરાલી, બેકી અને કુશિયારા નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં પૂરના પાણીથી ૪૪ રસ્તાઓ, એક પુલ અને ૬ ડેમને નુકસાન થયું છે.

મિઝોરમના આઈઝોલમાં મંગળવારે (૨ જુલાઈ) ભૂસ્ખલનમાં ચાર વર્ષની બાળકી સહિત ત્રણ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. ભૂસ્ખલનને કારણે ટીનની છતવાળી ઈમારત ધરાશાયી થઈ ત્યારે દરેક વ્યક્તિ પોતાના ઘરમાં સૂઈ





રહ્યા હતા. આ દરમિયાન પરિવારના કેટલાક સભ્યો જીવ બચાવવા ભાગ્યા હતા, પરંતુ એક દંપતી અને તેમની પુત્રી કાટમાળ નીચે દટાઈ ગયા હતા.

શનિવારે (૨૯ જૂન) પુણેના તમ્હિની ઘાટમાં ફરવા ગયેલો એક યુવક પાણીમાં કૂદી પડ્યા બાદ ભારે વહેણમાં તણાઈ ગયો હતો. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. ૧ જુલાઈના રોજ રાયગઢ જિલ્લાના માનગાંવમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. અગાઉ લોનાવલાના ભૂશી ડેમમાં તણાઈને ૫ લોકોના મોત થયા હતા.

IMD એ મંગળવારે (૨ જુલાઈ) આસામ, મેઘાલય અને ઉત્તરાખંડમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ગુજરાત, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, બિહાર, ગોવા, મહારાષ્ટ્ર, તમિલનાડુ સહિત ૨૭ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. , કેરળ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, ઓડિશા, કર્ણાટકનો સમાવેશ થાય છે.

ભારતીય હવામાન વિભાગ (ઈખઉ)ના પ્રમુખ મૃત્યુંજય મહાપાત્રાએ સોમવારે વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે જુલાઈમાં દેશભરમાં ૧૦૬% વરસાદ પડશે. જૂનના છેલ્લા ચાર દિવસમાં ચોમાસાએ જે ગતિ પકડી છે તે જુલાઈમાં પણ ચાલુ રહેવાની ધારણા છે. જુલાઈના અંત સુધીમાં લા નીનાની સ્થિતિ ઊભી થવાના સંકેતો છે, જે વરસાદ માટે સાનુકૂળ સાબિત થશે.

જુલાઈમાં ભારે વરસાદને કારણે, પશ્ચિમ હિમાલયન રાજ્યો (જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ) અને મધ્ય પ્રદેશ અને છત્તીસગઢના નદીના તટપ્રદેશમાં પૂરનો ભય છે. જો કે, પૂર્વોત્તર રાજ્યોમાં સામાન્ય કરતાં ઓછા વરસાદની શક્યતાને કારણે પૂરની ઓછી સંભાવના છે.ચોમાસાના પ્રથમ મહિનામાં જૂન મહિનામાં ૧૦.૯% વરસાદની ઘટ રહી છે. સામાન્ય રીતે ૧૬૫.૩ મીમી વરસાદ પડવો જોઈતો હતો, પરંતુ ૩૦ જૂન સુધી માત્ર ૧૪૭.૨ મીમી વરસાદ નોંધાયો હતો. ૮ થી ૨૬ જૂનની વચ્ચે સતત સામાન્ય કરતાં ઓછો વરસાદ રહ્યો હતો.

# નિયમોનો ઉલાળ્યો કરતાં બિલ્ડરો સામે ગુજરેરાની લાલ આંખ: ૧૦૦૦થી વધુ પ્રોજેકટના રજીસ્ટ્રેશન રદ

મુખ્ય સમાચાર, અમદાવાદ

ગુજરાત ભરનાં બિલ્ડરો-ડેવલપરોને ઝટકારૂપ કાર્યવાહીમાં ગુજરાત રેરા દ્વારા ૧૦૦૦ થી વધુ રીઅલ એસ્ટેટ પ્રોજેકટ સંલગ્ન બેંક ખાતાઓ ફ્રિઝ સ્થગીત કરી નાખ્યા છે. નિયમનોનો ભંગ કરવા બદલ આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે.૧૦૦૦ થી વધુ પ્રોજેકટોનાં બિલ્ડરોએ પ્રોજેકટ સંબંધી ત્રિમાસીક રીપોર્ટ આપ્યો ન હતો કે કમ્પલીશન પ્રક્રિયાનું અપડેટ દર્શાવ્યુ ન હતું અથવા તો સમય મર્યાદામાં વધારો માંગતી અરજી કરી હતી.

ગુજ રેરાના આ આકરા કદમથી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા શહેરોનાં પ્રોજેકટ ધરાવતા બિલ્ડરો બાકીના યુનિટોનું વેચાણ કે તેની વિજ્ઞાપન-પ્રચાર નહિં કરી શકે એટલુ જ નહિં પ્રોજેકટ પર ધિરાણ પણ નહીં મેળવી શકે.

ગુજરેરાનાં એક સીનીયર



અધિકારીએ નામ નહિં દેવાની શરતે એમ જણાવ્યું હતું કે રેરા દ્વારા નિયત કરાયેલા પ્રોજેકટ કમ્પલીશનના નિયમોનું બિલ્ડરોએ પાલન કરવાનું હોય છે.રજીસ્ટ્રેશન વખતે દર્શાવાયા પ્રમાણે પ્રોજેકટ કમ્પલીશનની વિગતો અપડેટ કરવાની હોય છે.

નિયમ સમય મર્યાદામાં બિલ્ડરે પ્રોજેકટ પૂર્ણ કર્યો ન હોય તો મુદત વધારો માંગવા-મેળવવાનો હોય છે. ગુજરેરાનાં ધ્યાનમાં એવુ આવ્યું હતું કે ૧૦૦૦ થી વધુ પ્રોજેકટોનાં બિલ્ડરોએ નિયમોનું પાલન કર્યું નથી. પ્રોજેકટ પૂર્ણ કરવા વધુ સમય પણ માંગવામાં આવ્યો નથી. જેને પગલે આ તમામ પ્રોજેકટોનાં રજીસ્ટ્રેશન રદ કરી નાખવામાં આવ્યા છે.

ગુજરેરાનાં નિશાને આવેલા આ પ્રોજેકટો પૈકીનાં મોટાભાગનાં ૨૦૧૮-૧૯ માં લોંચ થયા હતા અને ચાલુ વર્ષે ૨૦૨૪ ના જુન સુધીમાં પૂર્ણ કરવાનાં હતા. ગુજરેરા દ્વારા આ તમામ પ્રોજેકટોની વિગતો સ્ટેટ લેવલ બેંકર્સ કમીટીને પણ આપી દીધી છે અને દરેક પ્રોજેકટનાં રેરા રજીસ્ટર્ડ બેંક ખાતા સ્થગીત કરવા સુચવ્યુ છે. આ પ્રક્રિયાનો અર્થ એવો થાય છે કે બેંક ખાતા સ્થગીત થવાથી બિલ્ડરો રજીસ્ટર્ડ બેંક ખાતામાં નાણાં નહીં મેળવી શકે. પરીણામે પ્રોજેકટનાં બાકી યુનિટોનું વેંચાણ નહિં કરી શકે.

આ ઉપરાંત તેઓનું રેરા રજીસ્ટ્રેશન પણ રદ થઈ જવાના સંજોગોમાં તેઓ વિજ્ઞાપન-પ્રચાર પણ નહિં કરી શકે.રસપ્રદ બાબત એ છે કે ૧૦૦૦ થી વધુના આ પ્રોજેકટો પૈકી ઘણા ખરા પુરા પણ થઈ ગયા છે અને ઘણા અંશે ગ્રાહકોને કબ્જો પણ સોંપી દેવાયો છે. છતાં મોટાભાગનાં કિસ્સામાં કમ્પલીશન સર્ટીફીકેટની પ્રક્રિયા પેન્ડીંગ છે. પરીણામે બિલ્ડરો ત્રિમાસીક રીપોર્ટનાં નિયમો અપડેટ કરી શકયા નથી.તેવો દાવો બિલ્ડર લોબીનાં સુત્રોએકર્યો છે.

# મુંબઈ એરપોર્ટ પર રૂ. પાંચ કરોડનો ગાંજો પકડાયો: પ્રવાસીની ધરપકડ

મુખ્ય સમાચાર, મુંબઈ

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)ના અધિકારીઓએ મુંબઇ એરપોર્ટ પર રૂ. પાંચ કરોડનો ગાંજો જપ્ત કરીને પ્રવાસીની ધરપકડ કરી હતી.

ડીઆરઆઇ ( મુંબઈ ઝોનલ યુનિટ)ના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પ્રવાસીને આંતર્યો હતો, જે સોમવારે બેંગકોકથી આવ્યો હતો.

અધિકારીઓએ પ્રવાસીના સામાનની તલાશી લેતાં સિલ્વર કલરના પેકેટ્સ મળી આવ્યાં હતાં, જેમાં ગાંજો છુપાવવામાં



આવ્યો હતો. ગાંજાનો જપ્ત કર્યા બાદ પ્રવાસી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. પ્રવાસીને કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને જ્યુડિશિયલ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

# દેશના મોટા ૨૦ રાજ્યોમાંથી માત્ર ચાર રાજ્યોમાં ગત માસમાં સામાન્ય કરતાં વધુ વરસાદ નોંધાયો: ચાલુ માસમાં ચોમાસુ જામશે

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

ચોમાસાનો પ્રથમ મહિનો જૂન હવે સમાપ્ત થયો એટલે કે ચોમાસાનો ચોથો ભાગ પસાર થયા પછી દેશમાં ૧૦.૯% વરસાદની ઘટ સર્જાઈ છે. સામાન્ય રીતે ૧૬૫.૩ મિમી વરસાદ પડવો જોઈતો હતો પરંતુ ૩૦ જૂન સુધી માત્ર ૧૪૭.૨ મિમી વરસાદ નોંધાયો છે.

૮થી ૨૬ જૂન વચ્ચે સતત સામાન્યથી ઓછો વરસાદ થયો, ખાસ કરીને ૧૦થી ૧૮ જૂન વચ્ચે વરસાદમાં ભારે અછત સર્જાઈ. ૧૯ જૂનથી વરસાદમાં સુધારો આવ્યો અને છેલ્લા ચાર દિવસમાં ભારે વરસાદ થયો જેના લીધે ૨૬ જૂને વરસાદમાં જે ૨૦% ઘટ હતી તે ૩૦ જૂને માત્ર ૧૦.૯% થઈ હતી.

હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ દેશનાં ૨૦ મોટાં



રાજ્યોમાંથી માત્ર ૪ રાજ્યોમાં સામાન્ય કરતાં વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે ૧૦ રાજ્યમાં સામાન્ય અને ૧૦માં સામાન્ય કરતાં ઓછો વરસાદ નોંધાયો છે.

ચોમાસાને પ્રભાવિત કરતા મુખ્ય પરિબળોમાંનું એક મેડન જુલિયન ઓસિલેશન (એમજેઓ) જૂનની શરૂઆતમાં ખૂબ જ નબળું હતું અને જૂનના અંત સુધીમાં તે મજબૂત બન્યું અને હિન્દ મહાસાગર તરફ આગળ વધ્યું.

આ વખતે જૂન મહિનામાં બંગાળની ખાડીમાં માત્ર એક લો પ્રેશરનું ક્ષેત્ર રચાયું હતું અને ત્રણ દિવસ સુધી સક્રિય રહ્યું હતું. જ્યારે જૂનમાં સામાન્ય રીતે ત્રણ ઓછાં દબાણવાળાં ક્ષેત્ર વિકસિત થાય છે અને તેની સક્રિયતા ૧૧ દિવસ સુધી રહે છે. બંગાળની ખાડીના કારણે ચોમાસું ખૂબ નબળું પડી રહ્યું છે.

ર્થ-ઈસ્ટનાં ૭ રાજ્યોમાંથી સિક્કિમમાં સામાન્યથી વધુ(+૬૨%), અરુણાચલ(+૧%), આસામ(+૧૮%) અને ત્રિપુરા(+૧૩%)માં સામાન્ય વરસાદ નોંધાયો. નાગાલેન્ડ(-૨૪%), મણિપુર(-૫૭%) અને મિઝોરમ(-૩૩%)માં સામાન્યથી ઓછો વરસાદ થયો.દેશના તમામ વેધર પેટા વિભાગો સહિત આ વર્ષે જૂનમાં ૧૮૧ હીટવેવ દિવસો હતા, જે ઇતિહાસમાં સૌથી વધુ છે. આ પહેલાં ૨૦૧૦માં ૧૭૭ દિવસ હીટવેવ હતા. જૂનમાં સામાન્ય રીતે ૪-૫ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થાય છે પરંતુ આ વખતે માત્ર ત્રણ જ પસાર થયાં. જૂન મહિનો દેશના ઉત્તર-પશ્ચિમ વિસ્તાર માટે ઇતિહાસનો સૌથી ગરમ મહિનો હતો.

જુલાઈમાં પણ દેશમાં ચોમાસું ભારે છે. જૂનના છેલ્લા ચાર દિવસમાં ચોમાસાએ જે ગતિ પકડી છે તે જુલાઇમાં પણ ચાલુ રહેવાની ધારણા છે. હવામાન વિભાગનો અંદાજ છે કે જુલાઈમાં દેશભરમાં ૧૦૬% વરસાદ પડશે. જુલાઈના અંતમાં લા-નીનાની સ્થિતિ ઊભી થવાના સંકેતો છે જે વરસાદ માટે સાનુકૂળ સાબિત થશે.

# વાંકાનેરમાં કેરાળાના પાટીયા પાસે મોપેડમાં વિદેશી દારૂના ૮૦ નંગ ચપલાની હેરાફેરી કરતા એક યુવક ઝબ્બે પોલીસે વિદેશી દારૂનો જથ્થો, મોબાઇલ તથા મોપેડ સહિત ૪૩ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર સીટી પોલીસ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન કેરાળા ગામના બોર્ડ મોપેડમાં વિદેશી દારૂની નાની બોટલ લઈને નીકળેલ ઇસમને ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસે તેની પાસેથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૮૦એમએલની ૮૦ નંગ બોટલ તથા એક્સેસ મોપેડ તેમજ એક મોબાઇલ સહિત કુલ ૪૩ હજારનો મુદ્દામાલ જપ્ત કરી પકડાયેલ આરોપી સામે પ્રોહી.હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વાંકાનેર સીટી પોલીસ ટીમે કેરાળા ગામના પાટીયા પાસેથી શંકાસ્પદ હાલતમાં નીકળેલ એક્સસેસ મોપેડ રજી.નં જીજે-૩૬-એએમ-૭૪૯૯ સવાર એક ઇસમને રોકી મોપેડની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડ કુલ ૮૦ નંગ નાની બોટલ મળી આવી હતી. જેથી પોલીસે આરોપી અમીતભાઈ ઉર્ફે હમીદ હનીફભાઈ બ્લોચ(મકરાણી) ઉવ.૨૭ રહે.ચંદ્રપુર પાણીના ટાંકા પાસે વાંકાનેર વાળાની સ્થળ ઉપરથી ધરપકડ કરવામાં આવી છે. આરોપી પાસેથી એક્સેસ મોપેડ, ઓપો કંપનીનો મોબાઇલ તથા દારૂનો જથ્થો સહિત કુલ કિ.૪૩ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી અમિત ઉર્ફે હમીદ બ્લોચ વિરૂદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં પ્રોહિ.એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે.

# હળવદના રાયસંગપુર ગામે બહેનને ભગાડી જવાનો ખાર રાખી બે ભાઈઓએ ખેલ્યો ખૂની ખેલ

## બહેનને ભગાડી જનાર યુવકના ઘરે જઈ છરીના ઘા મારી હત્યા નિપજાવી, યુવકના ભાઈને પણ પેટમાં છરી મારી દેતા સારવારમાં દાખલ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકા રાયસંગપુર ગામે બહેનને ભગાડી જવા બાબતનો ખાર રાખી બે ભાઇઓએ યુવકના ઘરે છરી તથા લોખંડના પાઇપ જેવા હથિયાર ધારણ કરી યુવકને પેટના ભાગે છરીનો એક ઘા મારી આંતરડા બહાર કાઢી નાખી હત્યા નીપજાવી હતી. જ્યારે યુવકને બચાવવા વચ્ચે પડેલા યુવકના નાના ભાઈને પણ પેટમાં છરીનો જીવલેણ ઘા મારી દેતા હાલ તેને સારવારમાં હળવદ સરકારી હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યો છે. યુવકની હત્યા નીપજાવી બંને સગા ભાઈઓ નાસી ગયા છે. હાલ મૃતકના પિતા દ્વારા બંને હત્યારા ભાઈઓ સામે ફરિયાદ નોંધાવતા હળવદ પોલીસે બંને આરોપીઓ સામે ભારતીય ન્યાય સહિતાની કલમ ૧૦૩(૧), ૧૦૯, ૩૩૨(ફ) તથા જીપી એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીઓને પકડી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી માહિતી અનુસાર હળવદ તાલુકાના રાયસંગપુર ગામે રહેતા બાબુભાઈ ગોકળભાઇ લોલાડીયા ઉવ.૬૦ એ હળવદ પોલીસ મથકમાં રાયસંગપુર ગામમાં રહેતા પોતાના કુટુંબી ભાઈઓ એવા આરોપી ગૌતમભાઈ કરમણભાઈ લોલાડીયા તથા વિપુલભાઈ કરમણભાઇ લોલાડીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે કામના બન્ને આરોપીઓ ગૌતમભાઈ અને વિપુલભાઈની બહેનને અગાઉ ફરિયાદીના દીકરો શામજીભાઈ ભગાડીને લઈ ગયેલ હોય જે બાબતનુ મનદુઃખ રાખી, ગત તા. ૦૨/૦૭ના રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં બન્ને આરોપીઓએ ફરીયાદી બાબુભાઈના ઘરમાં પ્રવેશ કરી આરોપી ગૌતમભાઈએ તેના હાથમા રહેલ છરી વતી શામજીભાઇને પેટના ભાગે જીવલેણ ઈજા કરી મોત નિપજાવી તથા શામજીભાઈના ભાઈ ગોપાલને પણ મારી નાખવાના ઈરાદે પેટના પડખાના ભાગે છરીથી એક ઘા મારી ગંભીર ઈજા કરેલ હોય તેમજ આરોપી વિપુલભાઈએ લોખંડના પાઈપ વતી ફરીયાદી બાબુભાઇને માર મારી બંને હત્યારા સ્થળ ઉપરથી નાસી ગયા હતા. જે મુજબની ફરિયાદના આધારે પોલીસે બંને આરોપીઓ સામે નવા ફોજદારી કાયદાની હત્યાની સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# જામનગર ખાતે નિવૃત થનાર પોલીસ કર્મીઓનું સન્માન કરી વિદાય આપતા એસપી પ્રેમસુખ ડેલુ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર, રીટાયર્ડ થનાર પોલીસ અધિકારી/કર્મચારીઓ PSI એ.વી. વણકર, એરપોર્ટ સિક્યુરિટી, ASI બાબુલાલ રામલાલ પાંડોર, ધ્રોલ પો.સ્ટે., ASI પુષ્પાબેન રામસીંગભાઈ ગામીત, પોલીસ ઇંચ, ASI નરેન્દ્રભાઈ ડાયાલાલ બોખાણી, જિલ્લા LIB, ASI નિલેશભાઈ ચંદુલાલ પંડ્યા, લાલપુર પો.સ્ટે., HC મુળુભાઈ પરબતભાઈ ગોરાણીયા, સીટી બી ડીવી., HC ઓસમાણભાઈ નૂરમામદભાઈ ડોડાપુત્રા, પોલીસ HQ, HC પ્રદ્યુમનસિંહ બહાદુરસિંહ જાડેજા, સીટી બી ડીવી. જામનગર વાળાઓનો વિદાય સમારંભ મહે. પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂ દ્વારા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે રાખવામાં આવેલ હતો. જેમાં મોમેન્ટો તથા પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યા હતા.

# મોરબીમાં પ્રોહિબીશનના ગુનામાં સંડોવાયેલ વધુ એક ઇસમને પાસા તળે જેલમાં ધકેલાયો

## મોરબી ક્રાઇમ બ્રાંચ દ્વારા આરોપીની અટકાયત કરી ભાવનગર જીલ્લા જેલ હવાલે કરાયો

**મુખ્ય સમાચાર, મોરબી**




મોરબીમાં પ્રોહિબીશનના અનેક ગુનામાં સંડોવાયેલા આરોપી વિરૂદ્ધ પાસા દરખાસ્ત મંજૂર થતા મોરબી ક્રાઇમ બ્રાંચ દ્વારા આરોપીની તેના રહેણાંક મકાનેથી અટકાયત કરી ભાવનગર જિલ્લા જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહિબીશન ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓ સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપવામાં આવ્યા હતા. જે અનુસંધાને પ્રોહિબિશનના અનેક ગુનામાં સંડોવાયેલ આરોપી તુલસીભાઈ હસમુખભાઈ કોળીનું પાસા વોરંટ ઇસ્યુ કરવામાં આવતા મોરબી ક્રાઇમ બ્રાંચ દ્વારા આરોપીને પકડી પાડવા અલગ અલગ ટીમ બનાવી આરોપી તુલસીભાઈ હસમુખભાઈ શંખેસરીયા ઉવ.૩૨ રહે મોરબી પંચાસર રોડ રાજનગર મુળરહે.માળીયા(મી) તાલુકાના ખાખરેચી ગામવાળાને પાસા એક્ટ હેઠળ હાલ તેના રહેણાંકના મકાનેથી ઝડપી લઇ ડીટેઇન કરી ભાવનગર જીલ્લા જેલ ખાતે મોકલી આપેલ છે.

# મોરબી જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિની અનન્ય પહેલ અન્વયે વાંકડા ગામે ૧૨૫ વૃક્ષોનું વાવેતર

**મુખ્ય સમાચાર, મોરબી**





મોરબી જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ દ્વારા કરવામાં આવેલી પહેલ અન્વયે મોરબી તાલુકાના વાંકડા ગામ ખાતે ગૌશાળાના પરિસરમાં ૧૨૫ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

પ્રદૂષણ, પર્યાવરણની સમતુલા વગેરેના કારણે વાતાવરણમાં આવતા તફાવતોને ધ્યાનમાં લઇ ઉપરાંત મોરબી જીલ્લો ઔદ્યોગિક રીતે અગ્રેસર હોવાના કારણે વાતાવરણમાં શુદ્ધિ જળવાઈ રહે તે માટે જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ દ્વારા એક અનન્ય પહેલ કરવામાં આવી છે. આ પહેલના અનુસંધાને મોરબી જીલ્લાના તમામ ગામમાં ઓછામાં ઓછા ૧૦૦ વૃક્ષ વાવી તેની જાળવણી કરવામાં આવે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. આ વૃક્ષોની જાળવણી માટેની જવાબદારી પણ સબંધીત ગ્રામ પંચાયત તેમજ જીલ્લામાંથી નોડલ અધિકારી પસંદ કરી તેમને સોંપવામાં આવી છે.

પર્યાવરણની જાળવણી માટેની આ પહેલ સંદર્ભે મોરબી તાલુકામાં આવેલ વાંકડા ગામ ખાતે ગામ લોકોના સંયુક્ત સહયોગથી ચાલતી ગૌશાળા ખાતે ગામના સરપંચ ડાયાભાઈ ઘોડાસરા તેમજ તલાટી મંત્રી વિશાલભાઈ અવાડિયાના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. વાંકડા ગામના ગ્રામજનોમાં ડાયાલાલ વડગાસીયા, ભીખાલાલ વડગાસીયા, કેતનભાઇ વડગાસીયા સહિત ગ્રામજનો દ્વારા ગામમાં આવેલી ગૌશાળાના પરિસરમાં ૧૨૫ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

# ટંકારાના લતીપુર રોડ ઉપર એક માસ પૂર્વે ક્રેન સાથે થયેલા અકસ્માતમાં ઈજાગ્રસ્ત દ્વારા ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારામાં ગત તા. ૦૧ જૂનના રોજ રોડ રસ્તાની વચ્ચે અકસ્માત થાય તેવી રીતે રાખેલ ક્રેન સાથે બુલેટ ચાલક ૬૦ વર્ષીય વૃદ્ધ અથડાતા તેઓને પગના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવારમાં બે ઓપરેશન આવેલ હતા. ત્યારે હાલ ઇજાગ્રસ્ત દ્વારા ટંકારા પોલીસ મથકમાં આરોપી એવા ક્રેન ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સહિતા કલમ-૨૮૫,૧૨૫ તથા એમ.વી.એક્ટ ૧૭૭ ૧૮૪ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ટંકારા તાલુકાના નેસડા(સુ) ગામે રહેતા ૬૦ વર્ષીય પ્રેમજીભાઇ રામજીભાઇ ભીમાણી ગત તા.૦૧ જૂનના રોજ રાત્રીના પોતાનું બુલેટ રજી. જીજે-૩૬-ક્યુ-૩૦૬૬ લઇને જતા હોય ત્યારે ટંકારા લતીપર રોડ હીરાપર ગામ પહેલા તિરૂપતિ એન્ટ્રરપ્રાઇઝ નજીક આરોપી ક્રેન ચાલકે પોતાનું ક્રેન રજી. નં. જીજે-૧૨-સીએમ-૦૬૩૨ જાહેર રોડ ઉપર આવતા જતા વાહનને અડચણરૂપ થાય તથા મનુષ્યની જીદગી જોખમાય તેમ રાખ્યું હોય ત્યારે સામેથી લાઇટના પ્રકાશમાં અંજાઈ જઈ ક્રેન ન દેખાતા પ્રેમજીભાઈ પોતાના બુલેટ સહિત તેની સાથે ભટકાઇ ગયા હતા. જે અકસ્મતમાં પ્રેમજીભાઇને ડાબા પગે ઢીચણ નીચે તથા સાથળના ભાગે ફેકચર જેવી ઇજા પહોંચી હતી. ત્યારે અકસ્માતમાં ઈજાગ્રસ્ત પ્રેમજીભાઈને પોલીસ ફરીયાદ કરવી ન હતી પરતું સારવાર દરમ્યાંન વધારે હોસ્પીટલનો ખર્ચ આવતા ક્લેમ ફાઈલ કરવા પોલીસ ફરીયાદ નોંધાવી છે. હાલ પોલીસે પ્રેમજીભાઈની ફરિયાદના આધારે આરોપી ક્રેન ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર એમ.પી.શાહ મેડિકલ કોલેજમાં તબીબો માટે માર્ગદર્શક સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**





જામનગર ધી ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ- ૨૦૨૧' અન્વયે જામનગર જિલ્લામાં આવેલી તમામ હોસ્પિટલો, ક્લિનિક, લેબોરેટરી, રેડિયો ડાયોગ્નોસીસ અને તમામ તબીબી પધ્ધતિઓ જેવી કે એલોપેથી, આયુર્વેદ, હોમિયોપેથી, સિધ્ધા, યોગા અને નેચરોપેથીનું જામનગર જિલ્લા પંચાયત ખાતે રજિસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. જો આ રજીસ્ટ્રેશન પૂર્ણ કરવામાં નહીં આવે તો ૧૦,૦૦૦ થી ૫ લાખ રૂપિયાના દંડ સુધીની જોગવાઈ રહેલી છે.આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, જામનગર દ્વારા જિલ્લાના તમામ સરકારી અને ખાનગી તબીબો માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન એમ.પી.શાહ સરકારી કોલેજ ખાતે કરવામાં આવ્યું હતું. ડીસ્ટ્રીકટ સર્વેલન્સ ઓફિસર ડો.એસ.આર.રાઠોડ, જામનગર દ્વારા ઉપસ્થિત સર્વેને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ હોસ્પિટલ ફાયર એન.ઓ.સી. અંગે ચીફ ફાયર ઓફિસર કે.કે.બિશ્નોઈ, બાયોમેડિકલ વેસ્ટ જી.પી.સી.બી. અંગે પ્રાદેશિક અધિકારી ગૌરાંગ ભટ્ટ જી.પી.સી.બી.દ્વારા માહિતી આપવામાં આવી હતી.સેમિનારમાં જિલ્લાની સરકારી તબીબી સંસ્થાઓ જેવી કે ગુરુ ગોબિંદસિંહ સરકારી હોસ્પિટલ, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ, રેલવે હેલ્થ યુનિટ, ઈ.એસ.આઈ.એસ.હોસ્પિટલ, સરકારી ડેન્ટલ હોસ્પિટલ, ફિઝીયોથેરેપી, કોમ્યુનિટી હેલ્થ સેન્ટર અને પ્રાયમરી હેલ્થ સેન્ટર તેમજ અન્ય સંસ્થાઓના વડા સામેલ બન્યા હતા અને ૩૫૦ તબીબો સહભાગી બન્યા હતા. આ એક્ટ અન્વયે જામનગર જિલ્લામાં રજીસ્ટ્રેશનની માહિતી મેળવવા માટે કર્મચારી હિતેષભાઈ બોરીચા, પીસી એન્ડ પીએનડીટી એક્ટ યુનિટ, આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, જામનગરનો સંપર્ક સાધી શકાશે.સમગ્ર કાર્યક્રમ દરમિયાન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નૂપુર પ્રસાદ, જી.જી.હોસ્પિટલ, જામનગરના તબીબી અધિક્ષક ડો.દીપક તિવારી, એમ.ઓ.એચ. ડો. હરેશ ગોરી, એમ.પી.શાહ મેડિકલ કોલેજના તમામ વિભાગના વડા અને પ્રેક્ટિશનર એસોસિયેશનના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમના આયોજન બદલ આરોગ્ય શાખાના કર્મચારી હિતેષભાઈ, રમણીકભાઈ, નઝમાબેન અને અન્ય કર્મયોગીઓએ જહેમત ઉઠાવી હતી. તેમ ડીસ્ટ્રીકટ સર્વેલન્સ ઓફિસર, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સી.આર.સી. મહાપ્રભુજી બેઠક હેઠળની ૧૨ શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરાઈ

## બાલવાટિકામાં ૧૬૭ તથા ધો.૯ માં ૨૩૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**





જામનગર દર વર્ષની જેમ આ વર્ષે પણ સી.આર.સી.મહાપ્રભુજી બેઠકમાં કુલ ૧૦ સરકારી અને ૨ ગ્રાન્ટ ઇન એઇડ શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.કાર્યક્રમમાં સી.આર.સી.મહાપ્રભુજી બેઠકની તમામ શાળાના બાલવાટિકામાં પ્રવેશપાત્ર કુલ ૧૬૭ વિધાર્થીઓને સ્કુલ બેગ અને સ્ટેશનરી કીટ આપવામાં આવી હતી તેમજ ધો.૯ ના ૨૩૭ વિદ્યાર્થીઓએ નવા પ્રવેશ મેળવ્યા હતા.સાથે સાથે નમો લક્ષ્મી યોજનાથી સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા.આ સાથે સરકારની વિવિધ શિષ્યવૃત્તિ અને બાહ્ય પરીક્ષા જેવી કે NMMS, CET, PSE અને ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય અને શિક્ષકો તરફથી ઇનામ આપીને પ્રોત્સાહિત કરાયા હતા.આ સાથે જ્ખઈની મીટીંગમાં તેના સભ્યો અને વાલી સાથે કન્યાઓમાં ભણતરનું પ્રમાણ વધે અને ધોરણ આઠ પછી ડ્રોપઆઉટનું પ્રમાણ ઘટે તે બાબતે ચર્ચા કરવામાં આવી. કાર્યક્રમને અંતે દરેક શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવેલ.આ કાર્યક્રમને સફળ બનાવવા કે.જે.શાહ હાઈસ્કૂલના આચાર્ય રમેશભાઈ કછેટિયા, ઠેબા તાલુકા આચાર્ય મનોજભાઈ ભૂત, હાપા આચાર્ય ભરતભાઈ મૂંગરા, લુંબિનીનગર આચાર્ય દિનેશભાઈ લગારીયા, મોટા થાવરીયાના આચાર્ય તૃપ્તિબેન, મોટાથાવરીયા વાડી શાળાના આચાર્ય મહેશભાઈ કરંગીયા, સામતપીરના આચાર્ય ગઢવીભાઈ, લાલવાડીના આચાર્ય ભૂપતસિંહ જાડેજા, મહાપ્રભુજી બેઠક પ્રાથમિક શાળાના આચાર્ય સાધનાબેન, પીરવાડી શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલ, બાલકનાથ વાડી શાળાના આચાર્ય દશરથસિંહ જાડેજા, જી.ડી.શાહ હાઈસ્કૂલના આચાર્ય રૂડીબેન વસરા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# જામનગરની દિગ્વિજયસિંહજી ન્યુ સરકારી હાઈસ્કૂલ ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ

## ધો.૯ માં ૪૩ અને ધો.૧૧ માં ૨૮ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની વિવિધ સરકારી શાળાઓમા શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.જેમાની દિગ્વિજયસિંહજી ન્યુ સરકારી હાઈસ્કૂલ ખાતે મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં ઉત્સવ સમા માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. અને ધો. ૯ તેમજ ધો.૧૧ માં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો હતો. આ ઉત્સવમાં ધોરણ ૯ માં ૪૩ અને ધોરણ ૧૧ માં ૨૮ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો.આ તકે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ગત વર્ષે વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.જે થકી વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો સંચાર થયો હતો.સમગ્ર આયોજનને સફળ બનાવવા હાઈસ્કૂલના આચાર્ય તેમજ સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવાઈ હતી.

આ પ્રસંગે ધારાસભ્ય , જામનગર મહાનગર પાલિકાના સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન, જામનગર જિલ્લા શિક્ષણાધિકારી ભરતભાઈ વીડજા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ , વિભાજી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ પાલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર મહાનગરપાલિકામાં ઈજનેરો, કોમ્પ્યુટર ઓપરેટર, જુ.ક્લાર્કની ભરતી પ્રક્રિયા રદ્ કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગર પાલિકામાં અધિકારી, કર્મચારીની ઘટ હોવાથી વહીવટ પર અસર જોવા મળે છે, જ્યારે ઈજનેરની ભરતી માટે જાહેરાત આપ્યા પછી મ્યુનિ. કમિશનરે એકાએક ભરતી રદ્ કરી છે. આથી અનેક તર્ક-વિતર્કો થઈ રહ્યા છે. ટેકનિકલ કારણોસર ભરતી રદ્ કરવામાં આવી હોવાનુ જાહેર કરવામાં આવ્યું, પરંતુ ટેકનિકલ કારણ શું? એ અંગે કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી.સિવિલ, મિકેનિકલ અને ઈલેક્ટ્રીક એન્જિનિયરોની ૭૫ જગ્યા માટે અને કોમ્પ્યુટર ઓપરેટર તથા જુનિયર ક્લાર્કની ૬૭ જગ્યા માટે ભરતી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો, અને આ માટે અરજીઓ પણ મંગાવવામાં આવી હતી, જેની શરૂઆત તા. ૧ જુલાઈથી થનાર હતી. ત્યારે જ મ્યુનિ. કમિશનરે ટેકનિકલ કારણોસર ભરતી રદ્ કરવાની જાહેરાત કરી હતી. આમ શંકાસ્પદ રીતે ભરતી રદ્ કરવામાં આવતા અનેક ચર્ચાએ જોર પકડ્યું છે.હવે એવું જાહેર થયું કે કેટલીક ખામી રહી જવા પામી હતી તેને દૂર કર્યા પછી નવો ભરતી કાર્યક્રમ જાહેર કરવામાં આવશે, પરંતુ હાલ ટેકનિકલ કારણોસર રદ્ થયેલી ભરતીમાં ટેકનિકલનો અર્થ શું તે અંગે ચર્ચા જાગી છે.

# જામનગરના વિદ્યાર્થી શ્વેત મકવાણાની રાજ્ય કક્ષાએ ટેકવોન્ડો રમતની સ્પર્ધામાં પસંદગી કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર રાજ્ય સરકાર દ્વારા શાળામાં અભ્યાસ કરતા બાળકો અભ્યાસની સાથે સાથે રમત ગમતમાં પણ એટલા જ આગળ વધે તે માટે અનેકવિધ સ્પર્ધાઓ, ખેલ મહાકુંભ જેવા કાર્યક્રમોનું આયોજન કરાતું હોય છે. જામનગરમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના માર્ગદર્શન તળે સાંઈ વિદ્યા સંકુલ, જોડીયા તાલુકામાં ટેક્વોન્ડો ઈનસ્કુલ પ્રોગ્રામ અમલમાં મુકવામાં આવ્યો છે. શાળામાં અભ્યાસની સાથે રમતગમતમાં ખુબ જ રસ ધરાવતો વિદ્યાર્થી શ્વેત દિનેશભાઈ મકવાણાએ જિલ્લા લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) ની પ્રુવલ ટેલેન્ટ (PT) પસંદગી પરીક્ષા આપી હતી. શ્વેતની ગુજરાત રાજ્ય ટેક્વોન્ડો પ્રુવલ ટેલેન્ટ (PT) પસંદગી યાદીમાં ટોચના ૧૦ ખેલાડીઓમાં પસંદગી કરવામાં આવી છે.

શ્વેત હવે મોરબીમાં જિલ્લા સ્પોર્ટ્સ સ્કૂલ નવજીવન વિદ્યાલયમાં અભ્યાસની સાથોસાથ ટેક્વોન્ડોની તાલીમ લેશે. સાંઈ વિદ્યા સંકુલ, જોડીયા અને જામનગર જિલ્લાના ગૌરવમાં વધારો કરવા બદલ જિલ્લા રમત વિકાસ અધિકારી રમા કે.મદ્રા, શાળાના આચાર્ય જગદીશ વિરમગામા, શાળાના ટ્રસ્ટીઓ, શિક્ષક મિત્રોએ વિદ્યાર્થી શ્વેત અને તેમના કોચ જયવિરસિંહ સરવૈયાને શુભેચ્છા પાઠવી છે અને શ્વેત અભ્યાસની સાથોસાથ રમત ગમત ક્ષેત્રમાં પણ પોતાનું ઉજવળ ભવિષ્ય બનાવે તેવી શુભકામના વ્યક્ત કરી છે.

# ઓનલાઈન છેતરપીંડીનો ભોગ બનેલા લોકોને એ.ડિવિઝન પોલીસે નાણાં પરત અપાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અરજદારોએ પૈસા ગુમાવેલ હોય તે પરત અપાવવા સુચનાના પગલે એ ડીવીઝન પોલીસ સ્ટેશન સાયબર ટીમના ઈન્ચાર્જ પો.કો. સહિતની ટીમે સાયબર ફ્રોડથી ગુમાવેલ રૂપીયા પરત અપાવામાઆવ્યા હતા. છે.

જેમાં અરજદાર અજયભાઈ મનસુખભાઈ શીયાળ (રહે રાજકીટ)એ ઇન્સ્ટાગ્રામના માધ્યમથી ઈંડ્ઢંઘગઊિ ૧૪ ડ્ઢ્ઘ ખઅડ ૯,૦૦૦ મા આપશે તેવી લોભામણી જાહેરાત વાંચી અરજદાર તેની વાતમાં આવી ગયેલ અને તેઓએ આ મોબાઈલ ખરીદેલ પરંતુ કોઈ મોબાઈલ મળેલ નહી અને આ રીતે સામાવળાએ સાયબર ફ્રોડ કરેલ હોય જેના રૂ.૯૦૦૦ પરત અપાવ્યા હતા.

જયારે અરજદાર મૌલીકભાઈ રાજેશભાઈ વોરા (રહે રાજકોટ)ના ક્રેડીટકાર્ડ માથી સામાવાળાએ સાયબર ફ્રોડ કરેલ હોય જેમાં અરજદારને રૂ.૧૨.૦૮ પરત અપાવ્યા હતા. અરજદાર ઢાલુમલ આસુદામલ છજવાણી (રહે રાજકોટ)એ પોતાની કરીયાણાની દુકાનમાથી ગ્રાહક બનીને કોઈએ કરીયાણાના માલસામાનનો ઓર્ડર આપી પેમેન્ટ કરેલ અને કહેલ કે ભુલથી વધારે પેમેન્ટ થઈ ગયેલ છે જેથી વધારાના પૈસા પરત માંગતા અરજદારએ તે વધારાના પૈસા પરત આપેલ પરંતુ અરજદારને કોઈ ભીલ પમેન્ટ જ થયેલ ન હોય આરીતે ગ્રાહક બનીને સામાવાળાએ સાયબર ફ્રોડ કરેલ હોય જેમાં અરજદારને ૬૦.૩૬.૬૦૦ પરત અપાવેલ છે. અન્ય એક અરજદાર અક્ષરભાઈ મુકુદભાઈ વાઢેર (રહે રાજકોટ)એ ફેસબુકમાંથી કીપ્ટો કરન્સીની સાઈટ જોઈ તેમા સામાવાળા દ્વારા પૈસા કમામવાની લાલચ આપતા પોતે લોભામણી લાલચમા આવી જતા સામાવાળાએ સાયબર ફ્રોડ કરેલ હોય જેમાં અરજદારને૧૦.૩૧૦૦ પરત અપાવેલ છે. અરજદાર શીલ્પેશ દેવેન્દ્રભાઈ ઠાર (રહે રાજકોટ) સાથે હોટલ બુકિંગના નામે સામાવાળાએ સાયબર ફ્રોડ કરેલ હોય જેમાં અરજદારને ૧૪,૧૮૦૦ પરત અપાવેલ છે. અરજદાર મનીષભાઈ વસંતરાય ચંચળ (રહે રાજકોટ) સાથે સામેવાળાએ હોસ્પીટલના ઇમરજન્સીના કામે તેમની બેંકમા પૈસા જમા કરેલ છે તેવો ખોટો ફેક મેસેજ કરી ખોટા જમા કરેલ પૈસા પરત મેળવી સાયબર ફ્રોડ કરેલ હોય જેમાં અરજદારને ૧૬.૦૦૦૦૧ પરત અપાવેલ છે.

જયારે અરજદાર ધવલભાઈ હસમુખભાઈ સીતાપરા (રહે.રાજકોટ)ને સામેવાળાએ ઇન્સટાગ્રામના માધ્યમથી બીટકોઈનમા રોકાણ કરી પૈસા કમાવવાની લાલચ આપતા ધવલભાઈ વધારે પૈસા કમાવવાની લાલચમા આવી ગયેલ અને બીટકોઈનમા રોકાણ કરેલ પરંતુ તેમને કોઈ વળતર મળેલ નહી અને આ રીતે સામાવાળાએ સાયબર ફ્રોડ કરેલ હોય જેમાં અરજદારને ૪૦,૦૦૦ પરત અપાવેલ છે. આમ ઓનલાઇન ફ્રોડથી અરજદારોએ ગુમાવેલ રૂપિયા ૧,૩૮,૧૮૨ પરત અપાવવામા આવેલ છે.

# હિન્દુત્વ વિરુધ્ધના રાહુલ ગાંધીના નિવેદનને લઈ યુવા ભાજપ દ્વારા કરાયુ વિરોધ પ્રદર્શન



(તસ્વીરઃ આનંદ જાવિયા)

બે દિવસ પહેલા રાહુલ ગાંધી ।રા હિન્દુઓને લઈ સંસદમાં વિવાદાસ્પદ નિવેદન કરાયુ હતું. જેના સમગ્ર દેશમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. રાજકોટ યુવા ભાજપ મોરચા દ્વારા આ અંગે રાહુલ ગાંધી માફી માંગે તેવા સુત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરાયુ હતું. જિલ્લાપંચાયત ચોક નજીક આવેલ કોંગ્રેસ કાર્યાલય બહાર શહેર ભાજપના પ્રમુખ મુકેશ દોશી ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહિત કાર્યકરોએ વિરોધ પ્રદર્શન ક્ર્યું હતું.

# વિશ્વકર્મા સોસાયટીમાં ગૃહ કલેશથી કંટાળી મહિલાનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પુનિતનગર પાણીના ટાંકા પાસે આવેલી વિશ્વકર્મા સોસાયટીમાં રહેતી શ્રમિક પરિણીતાએ ગૃહકલેશથી કંટાળી જવલનશીલ પ્રવાહી પી લીધું હતું. પરિણીતાની તબિયત લથડતા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવી હતી. પુનિતનગરમાં પાણીના ટાંકા પાસે આવેલી વિશ્વકર્મા સોસાયટીમાં રહેતી નીતુદેવી સરોજરામ નામની ૨૮ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે મધરાત્રે જવલનશીલ પ્રવાહી પી લીધું હતું આપઘાતનો પ્રયાસ કરનાર શ્રમિક પરિણીતાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછામાં નીતુદેવીને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે અને નીતુદેવીએ ગૃહકલેશથી કંટાળી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

# સંત શિરોમણી શ્રી દેવતણખીધામ જુનાગઢ ખાતે હાઈટેક નવનિર્મિત સંકુલનું શનિવારે ખાતમુર્હૂત

## ભોજનાલય ,સભાગૃહ, યાત્રિક ભવન તથા લુહાર સમાજ પ્રસંગોપાત ઉપયોગમાં લઈ શકે તેવું વિશાળ પાર્ટી પ્લોટનું આયોજન






**મુખ્ય સમાચાર, રાજકોટ**

સંત શિરોમણી દેવતણખીબાપા તેમજ લીરલબાઈ માતાજીની ચેતન સમાધિ સ્થાનક તેમજ લીરલ માતાજી જન્મ સ્થળે દેશ-વિદેશથી ભક્તો સંત દેવતણખી બાપાના દર્શન માટે મજેવડી (જુનાગઢ) ખાતે આવે છે. સંત શ્રી દેવતણખી બાપા સાચા અર્થમાં સેવાના ભેખધારી હતા તેમની પાસે કશી મિલકત કે આવક ન હતી તેમ છતાં તેમણે સેવાની જ્યોત જગાવી હતી અને તે જ્યોત આજે પણ દેવતણખીધામ ખાતે પ્રગટી રહી છે. સંત શ્રી દેવતણખી ધામ મજેવડી (જુનાગઢ) ટ્રસ્ટ સંત, સેવાવ્રતીઓની પ્રેરણાથી વિકાસ માટે હરહંમેશ પ્રયાસ કરતા રહેતા હોય છે.

હાલ ખૂબ જ મોટી સંખ્યામાં લુહાર -પંચાલ સમાજના ભક્તો સંત શ્રી દેવતણખીધામ મુકામે દર્શન અને પ્રસાદ માટે આવતા હોય છે. જેને લઈ ભોજનાલયમાં લોકોને હાઇટેક સુવિધાનો લાભ મળી રહે અને એક સાથે હજારો લોકો પ્રસાદ લઈ શકે તેવા હેતુ સાથે ટ્રસ્ટ આ ૪૦,૦૦૦ ચોરસ ફુટ બાંધકામમાં રૂ. ૫ કરોડના ખર્ચે સમાજનું સૌથી મોટું હાઈટેક સંકુલ બનાવવામાં આવશે. સમસ્ત લુહાર સમાજને ઉપયોગી થાય તેવા નવા અધતન ભોજનાલય -સભા મંડપ અને લગ્ન હોલ, યાત્રિક ભુવનની વ્યવસ્થા તેમજ સમૂહ લગ્નોત્સવ, ભાગવત સપ્તાહ, સત્કાર સમારંભ, જેવા અનેક ધાર્મિક તથા સામાજિક કાર્યક્રમના મેળાવડા માટે અતિ ઉપયોગી આધુનિક પાર્ટી પ્લોટ તથા આધુનિક સુવિધા સાથે સંપન્ન સંકુલનું બાંધકામ માટેનું આયોજન થવા જઈ રહ્યું છે. ભૂમિ પૂજન તથા શિલારોપણ તેમજ ભવ્ય લોક ડાયરાનું સવંત ૨૦૮૦ ને અષાઢ સુદ એકમ શનિવાર તારીખ ૦૬-૦૭-૨૪ ના રોજ રાખેલ છે તથા અષાઢી બીજ મહોત્સવ તથા ૧૧૩મી રથયાત્રા તારીખ ૦૭-૦૭-૨૪ ને રવિવારના રોજ ભવ્યાતી ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ નવનિર્મિત સંકુલનો ખાતમુહૂર્ત આપણા લુહાર જ્ઞાતિ રત્ન જુનાગઢ નિવાસી શ્રી શામજીભાઈ ખીમજીભાઇ કવા પરિવાર તથા અન્ય દાતાશ્રીઓના વરદ હસ્તે સંપન્ન કરવામાં આવશે. બાંધકામ માટે એક ચોરસ ફૂટ ના રૂ.૧૨૫૧/- નું યોગદાન વ્યક્તિગત રીતે પણ આપી શકે છે. નવનિર્મિત બાંધકામ માટે રૂ.૧૨૫૧૦/- કે તેથી વધુનું યોગદાન આપનાર દાતાશ્રીનું નામ તક્તીમાં ટ્રસ્ટ નક્કી કરે તે રીતે લખવામાં આવશે.આ સંસ્થાને આપવામાં આવતું દાન ૮૦જી હેઠળ આવકવેરામાં બાદ મળવા પાત્ર છે.

લુહાર સમાજના દેશ-વિદેશમાં વસતા સર્વ જ્ઞાતિજનો વડીલો લુહાર જ્ઞાતિના ટ્રસ્ટી મંડળના પ્રમુખશ્રીઓ, ટ્રસ્ટીઓ, કારોબારીશ્રીઓ, ઉદ્યોગશ્રેષ્ટીઓ, સમાજના મીડિયા મિત્રો સર્વ સહ પરીવાર પધારી શ્રી દેવતણખી ધામની શોભામાં અભિવૃદ્ધિ કરવા વિનંતી. સમસ્ત લુહાર સમાજના દરેક પરિવારો ઉદ્યોગપતિઓ સમાજ શ્રેષ્ટીઓને આ ભગીરથ નિર્માણ કાર્યમાં તન મન ધન થી ઉદાર હાથોએ સહકાર ફંડ -દાન આપવા શ્રી દેવતણખી ધામ ટ્રસ્ટી મંડળ આપ સર્વને નમ્ર વિનંતી સાથે અરજ કરી રહ્યા છીએ. ટ્રસ્ટ મંડળે દ્વારા નવનિર્મિત બિલ્ડીંગ વિષે રસપદ માહિતી આપવામાં આવેલ પ્રમુખ શ્રી શાંતિભાઈ ગોહેલ ,શ્રી રાજુભાઈ પિત્રોડા ,શ્રી અતુલભાઈ મકવાણા ,શ્રી વલ્લભભાઈ પરમાર ,મનોજભાઈ વાઘેલા,શ્રી પુરષોતમ ભાઈ પિત્રોડા (દાસકાકા),શ્રી હરેશભાઈ પીઠવા,શ્રી રમેશભાઈ કારેલીયા,શ્રી જગદીશભાઈ કારેલીયા,શ્રી પ્રવીણભાઈ કારેલીયા,શ્રી જેન્તીભાઈ હરસોરા,શ્રી નિરંજનભાઈ પરમાર,શ્રી ભીખાભાઈ ડોડીયા ,શ્રી જેન્તીભાઈ પરમાર,શ્રી ધીરજભાઈ ગોહેલ,શ્રી ભરતભાઈ પીઠવા,શ્રી મહેશભાઈ પીઠવા,શ્રી દિનેશભાઈ કારેલીયાએ વિગતવાર માહિતીઓ આપેલ હતી. તથા અષાઢી બીજ મહોત્સવ-૨૦૨૪ માં સમસ્ત લુહાર- પંચાલ સમાજને મજેવડી ખાતે પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# શહેરના હિન્દુ સંગઠનો દ્વારા હિન્દુત્વ વિરુધ્ધ રાહુલ ગાંધીએ કરેલા નિવેદન બદલ રોષ વ્યક્ત કરાયો




(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગત સોમવારે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી ।રા હિન્દુઓને હિંસક ગણાવતા રોષ ફાટી નિકળ્યો છે. આજે શહેરના ત્રિકોણબાગ ખાતે જુદા-જુદા હિન્દુ સંગઠન દ્વારા આ અંતર્ગત વિરોધ પ્રદર્શન વ્યક્ત કરવામાં આવ્યું હતું. હિન્દુ સંગઠનના આગેવાનોએ રાહુલ ગાંધી હાય હાયના નારા લગાવી તેમના પોસ્ટરો ફાડી સળગાવ્યા હતા.

# ઓટી આસિસ્ટન્ટ અને નર્સિંગ એસોસિએશનનો વાર્ષિક કાર્યક્રમ યોજાયો

રાજકોટના ઓટીઓ આસિસ્ટન્ટ અને નર્સિંગ એસોસિએશન દ્વારા ગત રવિવારે શહેરના હેમુ ગઢવી હોલ ખાતે રંગારંગ વાર્ષિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું આ કાર્યક્રમનું ઉદઘાટન ધારાસભ્ય ડોદર્શિતાબેન શાહ દ્વારા કરાયું હતું કાર્યક્રમના ઉપસ્થિત મહેમાનો માટે સર્વ શ્રેષ્ઠ બે નાટકોનું આયોજન કરાયું હતું આ પ્રસંગે રાજકોટના નામાંકિત ડો જયેશભાઈ મહેતા, ડો દીપ્તિબેન મહેતા, ડો હેતલ પટોડીયા, ડો ભરત વડગામા સહિતના અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા એસોસિએશનના પ્રમુખ પ્રકાશભાઈ મહેતા, ઉપપ્રમુખ સુરેશભાઈ વાઘેલા તેમજ ટીમના સભ્યોએ જહેમત ઉઠાવી હતી



# PC PNDT Act અંતર્ગત સ્ત્રી ભ્રુણ હત્યા જેવા દુષણો અટકાવવા કાયદાકીય જાગૃતિનો કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમેન - રાજકોટની ટીમ દ્વારા મિશન શક્તિ યોજના હેઠળ ૧૦૦ દિવસની વિશેષ જાગૃતિ કમ એન્ફોર્સમેન્ટ ડ્રાઇવ અંતર્ગત બેટી બચાવો, બેટી પઢાઓ સપ્તાહમાં PC PNDT Act ૧૯૯૪ કાયદા વિશે જાગૃતિ અને સ્ત્રી ભ્રુણ હત્યા જેવા દુષણો અટકાવવા માટે આનંદ ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ કોલેજ, રાજકોટ ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી નર્સિંગના વિદ્યાર્થીનીઓને PC PNDT Act અંતર્ગત પ્રી-કન્સેપ્શન અને પ્રિ-નેટલ ડાયગ્નોસ્ટિક ટેકનિક કે જેનાથી બાળકની જાતિ નક્કી થતી હોય છે, જેનો ખોટી રીતે ઉપયોગ કરવામાં આવે તો સ્ત્રી ભ્રુણ હત્યા થવાની સંભાવના સામે તેને કાયદાકીય સમજ પુરી પાડી કઈ રીતે અટકાવી શકાય તેની વિસ્તારથી માહિતી પુરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડો. ભક્તિ પઢીયાર (ગાયનેકોલોજિસ્ટ) દ્વારા PC PNDT કાયદા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં પેનલ ડિસ્કશન કરવામાં આવેલ હતી. જાગૃતિ કાર્યક્રમમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# રાજકોટ જિલ્લાના યુવાનો માટે અર્ધલશ્કરી દળોના નિઃશુલ્ક તાલીમ વર્ગોમાં જોડાવા ઉત્તમ તક

## યુવાનોને વિનામૂલ્યે રહેવા જમવાની સાથે પ્રતિદિન સ્ટાઈપેન્ડ રૂ. ૧૦૦ અપાશેઃ તાલીમ માટે ૮મી જુલાઈ સુધી અરજી કરી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના યુવાનો અર્ધલશ્કરી દળોમાં જોડાઈ શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા આર્મી/એરફોર્સ/નેવી/અર્ધલશ્કરીદળો તથા પેરા મિલીટ્રી ફોર્સિસની ભરતી પૂર્વે શારીરિક/માનસિક ક્ષમતા માટેની પરીક્ષાલક્ષી નિવાસી તાલીમ યોજના અમલમાં મૂકાઇ છે. જે અંતર્ગત મદદનિશ નિયામક (રોજગાર)ની કચેરી-રાજકોટ દ્વારા યુવાનોના કૌશલ્યનો ઉપયોગ રાષ્ટ્રના નિર્માણના કામમાં થાય તે માટે ૩૦ દિવસની એક નિવાસી તાલીમ વર્ગનું આયોજન ટુંક સમયમાં કરવામાં આવશે.

આ તાલીમમાં જોડાવા ઈચ્છુક રાજકોટ જિલ્લાના ફક્ત પુરૂષ ઉમેદવારોએ મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી-રાજકોટને પોતાના તમામ શૈક્ષણિક લાયકાતના સર્ટિફિકેટ, શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિનો દાખલો, બેંક પાસબુક, અધારકાર્ડ, ૦૨ પાસપોર્ટ સાઈઝના ફોટો સાથે તા.૮ જુલાઈ સુધીમાં સ્વખર્ચે આપી જવા જણાવાયું છે.

આ તાલીમવર્ગ રાજકોટ ખાતે યોજાશે. જેમાં રહેવા-જમવાનો ખર્ચ સરકારશ્રી દ્વારા ભોગવવામાં આવશે અને ૧૦૦/-રૂપિયા સ્ટાઈપેંડ પ્રતિ દિન આપવામાં આવશે. આથી તાલીમાર્થીએ ૩૦ દિવસ રહેવાની તૈયારી સાથે આવવાનું રહેશે. તાલીમમાં જોડાવા માટેની શૈક્ષણિક લાયકાત ધો-૧૦માં ૪૫% સાથે અથવા ધો.૧૨ માં ૫૦% સાથે કોઈપણ પ્રવાહમાં પાસ કરેલા હોવા જોઈએ. તાલીમાર્થીની ઉંમર ૧૭.૫ થી ૨૧ વર્ષની હોવી જોઈએ ઉમેદવારની ઉંચાઈ- ૧૬૨ સે.મી કે વધુ હોવી જોઈએ, વજન-૫૦ કિલોગ્રામ કે વધુ, છાતી ફુલાવ્યા વગર ૭૭ સે.મી. અને ફુલાવેલ ૮૨ સે.મી જેટલી હોવી જોઈએ.

તાલીમના અભ્યાસક્રમના ભાગરૂપે શારીરિક યોગ્યતા માટે ઉંચાઈ, વજન, છાતી તથા શારીરિક કસોટીઓ જેવી કે દોડ, લાંબો કુદકો, પુલ અપ્સ વિગેરેની ભરતીને અનુરૂપ શારીરિક તાલીમ આપવામાં આવશે. અગાઉ નિવાસી તાલીમમાં જોડાયેલ ઉમેદવારો આ નિવાસી તાલીમમાં જોડાઈ શકશે નહિ. ઉમેદવારનું તાલીમ માટેનું ફાઈનલ સીલેક્શન સંરક્ષણ ક્ષેત્રના નક્કી કરેલા શારીરિક માપદંડ મુજબ કરવામાં આવશે. નિવાસી તાલીમવર્ગમાં આર્મીની પ્રથમ તબક્કાની લેખિત પરિક્ષા પાસ કરી હોય તેવા ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે તેમ મદદનીશ નિયામક રોજગાર દ્વારા જણાવવામાં આવ્યું છે.

# રાજકોટ જિલ્લાના સ્કૂલ બસ-વાન-રીક્ષા ચાલકો તથા શાળા સંચાલકો માટે નિર્દેશો જાહેર કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બાળકોને શાળા માટે પરિવહનમાં વપરાશમાં લેવાતી બસ તથા વાન-રીક્ષા વગેરેમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી સી.એ.ગાંધી દ્વારા તા.૯/૮/૨૦૨૪ સુધી રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ સરકારી-ખાનગી સ્કૂલો,કોલેજ, કોચિંગ ક્લાસના આચાર્ય-સંચાલક તથા સ્કૂલવાન,સ્કૂલ બસ, સ્કૂલ-રીક્ષા ચલાવતા માલિક-ડ્રાઇવરો માટે નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે.

નિર્દેશો અનુસાર બસના બાહ્ય ભાગમાં ડ્રાઇવરની માહિતી નામ,સરનામું, લાઇસન્સ નંબર, બેજ નંબર અને શાળાનો કે બસ માલિકનો ટેલીફોન હેલ્પલાઇન નંબર અને રજીસ્ટ્રેશન નંબર, વાહનની અંદરની અને બહારની તરફ સ્પષ્ટ દેખાય તથા વંચાય તે રીતે કોન્ટ્રાસ્ટ રંગમાં બસમાના મુસાફર અને જાહેર જનતાને બહારથી પણ સ્પષ્ટ રીતે દેખાય તેવી રીતે લખવાના રહેશે.

ઉપરાંત બસની બારીઓ પર આડી પટ્ટીઓ અને જાળી, દરવાજા પર વિશ્વાસનીય લોક તેમજ બસમાં આપાતકાલીન સમયે બહાર જવા માટેનો દરવાજો રાખવાનો રહેશે. આ અંગે શાળા પ્રશાસનએ જવાબદારી સુનિશ્ચિત કરવાની રહેશે. સ્કુલ બસમાં સ્પીડ ગવર્નર લગાવવું ફરજિયાત રહેશે. દરેક સ્કૂલ બસમાં એબીસી પ્રકારના પાંચ કિલોની ક્ષમતાવાળા અને આઈએસઆઈ પ્રમાણિત કરાયેલ બે અગ્નિશામક જેમાંથી એક ડ્રાઇવર કેબીન અને બીજું આપાતકાલીન દ્વાર પાસે રાખવાનું રહેશે,તેના વપરાશ અંગે ડ્રાઇવર,કંડકટર,એટેન્ડન્ટને તાલીમ આપવાની રહેશે.

બસની બેઠકો બિનદહનશીલ પદાર્થમાંથી બનાવેલી હોવી જરૂરી, જીપીએસ સિસ્ટમ અને સીસીટીવીની વ્યવસ્થા સાથે દરેક સ્કૂલ બસમાં તે ફરજિયાત કાર્યરત અવસ્થામાં રાખવાના રહેશે. સ્કુલ બસમાં એક પ્રાથમિક સારવાર પેટી, કટોકટીના સમયે ચેતવણી આપવા માટે એલાર્મ બેલ લગાવવાના રહેશે તેમજ બસમાં કાચ પર ફિલ્મ કે પડદા લગાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. બસના ડ્રાઇવર પાસે અધિકૃત ડ્રાઇવિંગ લાઇસન્સ, ટેક્સ પરમીટ,પીયુસી તેમજ સ્કૂલ બસના મુસાફરોનો માન્ય વીમો રાખવાનો રહેશે. ડ્રાઇવરની શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત રહેશે જે સમયાંતરે રીતે રિચેકઅપ સાથે મેળવતા રહેવાનું રહેશે.

સ્કુલ વર્ધી માટે વપરાતી ઓટોરિક્ષા-વાનમાં આરટીઓ માન્ય કેપેસિટી જેટલા જ બાળકો બેસાડવાના રહેશે.આ વાહનો પર સ્કૂલ વર્ધી એમ સ્પષ્ટ દેખાય તે પ્રમાણે લખવાનું રહેશે.જેમાં પ્રાથમિક સારવારની પેટી,અગ્નિશામક સાધનો, ઉતારું કમ્પાર્ટમેન્ટની વધારાની બેઠક વ્યવસ્થા, બારીઓ પર જાળી રાખવી ફરજિયાત રહેશે. રીક્ષા-વાનમાં સીએનજી એલપીજી સિલેન્ડર પર પાટિયું રાખીને કે ડ્રાઇવરની સીટ પર બાળકોને બેસાડી શકાશે નહીં. વાહનમાં બાળકોના દફતર બહારની બાજુ લટકાવી શકાશે નહીં તેમજ ચારે તરફ લાલ રંગમાં સ્કૂલ વાન શબ્દ ચિતરાવવાનો રહેશે.તમામ સૂચનાઓની અમલવારી શાળા, કોલેજ કોચિંગ ક્લાસના આચાર્ય-સંચાલક તથા બસ-રિક્ષાવાળાના માલિક તથા ડ્રાઇવરોએ કરવાની રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર મુકેશ એલ.પાથર એડવોકેટ, મામલતદાર કચેરી સામે-પંચવટી કોમ્પ્લેક્ષ, ઓફિસ નં.૧૬ જામજોધપુર જી.જામનગર વાળા તે અમારા અસીલશ્રી (૧) ચંપાલ લાભુબેન નાથાભાઈ ડો.ઓ.મેણંદભાઈ દેસાભાઈ છાસીયા રહે.આંબેડકર કોલોની, ટોડા સોસાયટી કાલાવડ જી.જામનગર તથા (૨) હાતિમ નજમુદિનભાઈ સદિકોટ રહે.હુડકો ક્વાર્ટર, સાંઢીયાપુલ પાસે જામનગર રોડ, રાજકોટ વાળાની સુચના અને ફરમાનથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરીએ છીએ કે જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના દલ દેવળીયા ગામની ખેતીની જમીન ખાતા નં.૫૨૭ સર્વે નં.૨૮૦ તથા ૩૯૯ કુલહે.આરે.ચો.મી.૧-૬૫-૮૦ વાળી અમારા અસીલ પુરતો અવેજ ચુક્વીને વેંચાણથી લેવા માંગે છે. જેથી ઉપરોક્ત ખેતીની જમીન બાબતે કોઈ ને પણ કોઈ પણ જાતનો લાગ-ભાગ, હક્ક હિસ્સો કે કોઈ પણ જાતનું હિત સંકળાયેલ હોય તો તા.૧૪/૦૭/૨૪ સુધીમાં લેખિતમાં જાણ કરવી નહિંતર કોઈ નો પણ હક્ક હિસ્સો આવેલ નથી. અને હોય તો પણ વેવ કરી દીધેલ છે તેમ માની અમારા અસીલ પોતાના નામનો પાકો વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર બાદના કોઈ પણ જાતના વાંધા તકરાર અમોને બંધનકર્તા રહેશે નહિં જેની નોંધ લેશો.

(એમ.એલ.પાથર એડવોકેટ)

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# હેન્ડલ લોક કર્યા વગરના પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી કરતો તસ્કર ઝડપાયો

## બી.ડિવિઝન પોલીસે ચોકકસ બાતમીના આધારે કેસરી હિન્દ પુલ પાસેથી દબોચી લઈ ત્રણ બાઈક કબ્જે કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં અલગ અલગ વિસ્તારમાંથી હેન્ડલ લોક વગરના બાઈકની ચોરી કરતાં રીઢા તસ્કરને પોલીસે બાતમીના આધારે કેશરી હિન્દ પૂલ ıસેથી ઝડપી લીધો હતો. પોલીસે બે મહિનામાં ચોરી કરેલા ત્રણ બાઈક કબ્જે કરી વધુ પુછપરછ હાથ ધરી છે.



આ અંગેની માહિતી મુજબ પોલીસ કમિશ્નર બ્રીજેશકુમાર ઝા, ડીસીપી ઝોન-૧ સજનસિંહ પરમાર, એ.સી.પી.આર.એસ.બારીયાની વાહન ચોરીના ગુનાઓ અટકાવવાની સુચના અન્વયે બી-ડીવીઝન પોલીસ મથકના પીઆઈ કે.જે.કરપડાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ કે.ડી. મારૂ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન બેડીપરા નજીક કેશરી હિંદ પુલ પાસે ચોરાઉ બાઈક સાથે શખ્સ ઉભો હોવાની બાતમીના આધારે પોલીસે આરોપી રાહુલ ઉર્ફે ટકો અશોકભાઈ વિકાણી (રહે.લીંમડા ચોક શાસ્ત્રી મેદાનની ફુટપાથ પર મુળ રાતીદેવડી ગામ તા.વાંકાનેર)ને ઝડપી લઈ તેની પાસેથી ચોરાઉ ત્રણ બાઈક કબ્જે કરવામાં આવ્યા હતાં. પોલીસના જણાવ્યા મુજબ ઝડપાયેલો શખ્સ રેઢો વાહન ચોર હોય જેના વિરૂધ્ધ વાંકાનેર અને રાજકોટ શહેર પોલીસમાં વાહન ચોરીના ૧૦ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. વધુ તપાસમાં આરોપીએ છેલ્લા બે મહિનામાં અલગ અલગ સ્થળેથી આ ત્રણેય બાઈક ચોરી કર્યાની કબુલાત આપી હતી. પોલીસના જણાવ્યા મુજબ આરોપી શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી રાત્રે તથા દિવસ દરમિયાન હેન્ડલ લોક ન મારેલ હોય તેવા વાહનો ડાયરેકટ કરી ચોરી કરવાની મોડસ ઓપરેન્ડીંગ ધરાવે છે. આ અંગે પોલીસે વધુ પુછપરછ માટે આરોપીના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# ડ્રીમ સીટી પાછળ યુવાનની થયેલી હત્યાનો ભેદ ઉકેલાયોઃ દારૂની મહેફીલમાં ડખ્ખો થતા મિત્રએ પતાવી દીધો'તો

## ક્રાઈમ બ્રાંચને મળેલી સફળતાઃ હત્યારાને રાધનપુર પાસે શંખેશ્વરથી દબોચી લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધારમાં રહેતો યુવક શનિવારે લાપતા થઇ ગયા બાદ રવિવારે હત્યા કરાયેલી લાશ મળી આવતા સીસીટીવીમાં કેદ શકમંદ મૃતકનો મિત્ર શંકાના દાયરામાં હોય ડીસીબીની ટીમે રાધનપુર દોડી જઈ શંખેશ્વરના શખ્સને સકંજામાં લઈ પુછતાછ કરતા બંનેએ શનિવારે ચારેક વાગ્યે દારૂની મહેફિલ માણ્યા બાદ હત્યાનો ભોગ બનનારએ વધુ દારૂ પીવો છે કહી ગાળો ભાંડતા મિત્રએ બાજુમાં પડેલો પથ્થર માથામાં ઝીકી મોતને ઘાટ ઉતારી દીધાની કબૂલાત આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



રાજકોટના રૈયાધાર મચ્છુનગર ક્વાટરમાં રહેતો અને ભંગારની ફેરી કરતો વિનોજ ઉર્ફે વિનોદ દિનેશભાઈ રાકુચા ઉ.૨૨ શનિવારે કામે ગયા બાદ બપોરે ફોનમાં માતાને વાત થયા બાદ ફોન સ્વીચઓફ આવતો હોય પરિવારે શોધખોળ કરી હતી પરંતુ કોઈ પતો લાગ્યો ન હતો દરમિયાન રવિવારે હત્યા કરાયેલી લાશ મળી આવતા યુનીવર્સીટી પોલીસે મૃતકના માતાની ફરિયાદ પરથી ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી ડીસીબી પીઆઈ એમ આર ગોંડલીયા અને ટીમે સીસીટીવી આધારે તપાસ શરુ કરતા એક શકમંદ ઘટનાસ્થળથી નાના મવા રોડ સુધી જતો નજરે પડયો હોય અને તે મૃતકનો મિત્ર હોવાનું જાણવા મળતા તેને ઝડપી લેવા દોડધામ શરુ કરી હતી તે રાધનપુર હોવાની બાતમી આધારે એક ટીમ ત્યાં દોડાવી હતી અને ટીમ મોડી રાત્રે રાજકોટ આવી પહોચી હતી પોલીસે પુછતાછ કરતા તે શંખેશ્વરનો અજય ગોવિંદભાઈ વાજેલીયા હોવાનું જણાવ્યું હતું હત્યા અંગે કબૂલાત આપતા કહ્યું હતું કે શનિવારે સાંજે ચારેક વાગ્યે બંને બનાવ સ્થળે દારૂ પીવા બેઠા હતા બાદમાં વિનોદે વધુ દારૂ પીવાની જીદ કરી ઝઘડો કરી ગાળો ભાંડતા અજયએ બાજુમાં પડેલો પથ્થર માથામાં ઝીકી પતાવી દીધો હોવાની કબૂલાત આપી છે વિનોદને મારી પોતે બસમાં બેસી ચોટીલા, ત્યાંથી સુરેન્દ્રનગર અને રાધનપુર પોતાના વતન પહોચ્યો હોવાનું જણાવતા પોલીસેવધુ તપાસ હાથ ધરી છે.




# જાહેર સ્થળોએ સીસી ટીવી કેમેરા ગોઠવી અને રેકોર્ડીંગ 30 દિવસ સુધી સાચવવા જાહેરનામુ

## લોકોની સલામતી અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે સીપીએ જાહેરનામુ બહાર પાડયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, તે હેતુથી રાજકોટ શહેર પોલીસ કમિશનરશ્રી બ્રજેશ કુમાર ઝાએ રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તમામ બેંકો, તમામ એ.ટી.એમ.સેન્ટરો, સોના-ચાંદી % કિંમતી ડાયમંડના ઝવેરાત વેચનાર દુકાનો, શોરૂમ, તથા શોપિંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટર, કોમર્શીયલ સેન્ટર, કોમર્શિયલ સેન્ટરો, હોટલ, કોફીશોપ, કાફે, રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, આંગડિયા પેઢીના વ્યવસાયિકો તથા શોપીંગ મોલ, હોટેલ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ઉપભોક્તાઓ, વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોના પ્રવેશ દ્વારો ઉપર પુરતા પ્રમાણમાં





તાલીમબદ્ધ સિક્યોરિટી ગાર્ડને મેટલ ડીટેકટર સાથે ફરજ પર નિયુકત કરવાના રહેશે.

પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર પર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગ તથા જાહેર જનતા માટેના પ્રવેશની તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં ગેઈટવાઈઝ સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય અને વાહનના નંબર વાંચી શકાય તેવા તથા બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ. કેમેરા ગોઠવવાના વ૯ઋદ્દઋદ્દ આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સાચવવાના રહેશે. આ કેમેરા સતત ૨૪ કલાક સુધી ચાલુ રહે, તે જોવાની જવાબદારી માલિકો, ઉપભોક્તાઓ, વહીવટકર્તાઓની રહેશે. પોલીસ દ્વારા જયારે જયારે સી.સી.ટી.વી. ફૂટેજ માંગવામાં આવે ત્યારે ત્યારે કોઈપણ પ્રકારના વિલંબ સી.સી.ટી.વી. ફૂટેજ આપવાના ૦૯ઋદ્દઋદ્દ મોલ પાર્કિંગમાં વાહન, પેસેન્જર, સામાન ચેકિંગ તેમજ મોલમાં આવનાર લોકો અને તેમના સામાનની પ્રવેશદ્વારે ચકાસણીની વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી મોલ માલિકની રહેશે. મોલ માલિકોએ પ્રતિબંધિત સામાન, સ્ફોટક પદાર્થો ન આવે તે કાળજી રાખવા તથા તે માટે સ્નિફર ડોગની વ્યવસ્થા રાખવા જણાવેલ છે. સી.સી.ટી.વી. કેમેરાની અને સિક્યોરિટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉકત એકમોએ આ જાહેરનામાની પ્રસિધ્ધિથી દિન-૭માં કરવાની રહેશે. નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે. આ આદેશો તા.૩૧/૦૮/૨૦૨૪ સુધી અમલમાં રહેશે, જેનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કરનાર શિક્ષાને પાત્ર રહેશે.

# જસદણ તાલુકાના પારેવાળા ગામે પાંચ એકર જમીન પર કબજો કરનાર સામે લેન્ડ ગ્રેબિગ

## રાજકોટના ગઢવી યુવાને કરેલી ફરિયાદના પગલે ભુમાફિયાની ધરપકડ કરવા પોલીસે તજવીજ હાથ ધરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્યમાં લોકોની કિંમતી જમીન-મકાન પચાવી પાડવાના ભુમાફિયાઓના કારસ્તાન ભૂતકાળમાં અનેકવાર પ્રકાશમાં આવ્યા છે ત્યારે જસદણ તાલુકાના પારેવાળા ગામે રાજકોટના યુવાનની કરોડોની ખેતીની જમીન ભુમાફિયાએ પચાવી લેતા લેન્ડ ગ્રેબિગની ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની પોલીસમાંથી માહિતી મુજબ જસદણ તાલુકાના પારેવાળા ગામના વતની અને હાલ રાજકોટમાં ઈન્દિરા સર્કલ પાસે આવેલ રોયલ પાર્ક શેરી નં.૯માં રહેતા હિતેષભાઈ લાખાભાઈ આલગા (ઉ.વ.૪૭)નામના ગઢવી યુવાનને વડિલોપ્રાજીત પારેવાળા ગામની સીમના જુના રેવન્યુ સર્વે નં.૧૮૧ નવા રેવન્યુ સર્વે નં.૧૭૩ પૈકી ૧ની ૦૫ એકર ૨૫ ગુઠા જમીન આવેલી હોય જે જમીનના ૧૪ વીઘા જેટલી જમીન ગામમાં રહેતો કેશુ લાલદાસ રામાવત નામના શખ્સે ૨૦૦૮ થી આજદીન સુધી કબજો કર્યો હોય જેના પગલે ગઢવી યુવાને જમીન પચાવી પાડવા અંગેના નવા કાયદા લેન્ડ ગ્રેબિગ હેઠળ કલેકટરકચેરીમાં ફરિયાદ કરવામાં આવી હોય. ત્યારબાદ કમિટી દ્વારા બંને પક્ષો સાંભળી ફરિયાદ નોંધવા અંગે હૂકમ કરવામાં આવતા ગોંડલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ıરı ભાડલા પોલીસ સ્ટેશનમાં જમીન પચાવી પાડનાર પારેવાળાના કેશુ લાલદાસ રામાવત વિરુધ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# કાલાવડના કાશ્મીરપરામાં કિન્નરનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડના કાશ્મીરપરા વિસ્તારમાં રહેતા મયુરીદેવી નામની ૨૨ વર્ષની કિન્નર પોતાના ઘરે હતી. ત્યારે સવારના અરસામાં ફિનાઈલ પી લીધુ હતું. મયુરીદેવીને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે કાલવડ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેની તબિયત નાજુક જણાતા વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.



પ્રાથમિક પૂછપછરછમાં મયુરીદેવી છેલ્લા પાંચ વર્ષથી આદીપુરમાં તેના ગુરૂ સબનમદેવી સાથે રહેતી હતી. પરંતુ ગુરુએ આદીપુરમાં કોઈપણ જગ્યાએ માંગવા જવાની ના પાડતા બંન્ને વચ્ચે રકઝક થતા મયુરીદેવી છેલ્લા ૧૦ મહિનાથી કાલાવડ ખાતે રહેવા માટે આવી ગઇ હતી. ગુરૂ સાથે ચાલતા ઝઘડાથી કંટાળી મયુરીદેવીએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે કાલાવડ રોડ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# થોરાળા વિસ્તારમાં નશામાં ધુત પિતાએ માસુમ બાળકને ઉંધી છરીના ઘા ઝીંકયા

## પિયરમાં રીસામણે બેઠેલી પત્ની પાસેથી પુત્રને ઝુટવી પિતાએ ઉંધી છરીના ઘા ઝીંકયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કુબલીયાપરામાં સાસરૂ ધરાવતી પરિણીતા હાલ ત્રણ સંતાનોને લઈ થોરાળા વિસ્તારમાં ચારેક મહિનાથી માવતરે રિસામણે આવી હોઈ ગત રાતે તેણીનો પતિ દારૂ પીને ધસી આવતાં અને બાળકોને મારે લઈ જવા છે તેમ કહી બૂમબરાડા કરતાં પરિણીતા બે દિકરીઓને લઈને ગભરાઈને રૂમમાં પુરાઈ ગઈ હતી. ૩ વર્ષનો દિકરો બહાર રહી જતાં તેને તેના પિતાએ બહાર રોડ પર લઈ જઈ છરીના હાથાથી માથા, વાંસામાં મુંઢ માર મારતાં બાળકે દેકારો મચાવી મુક્યો હતો. લોકો ભેગા થઈ જતાં આ શખ્સને પકડી લીધો હતો. બાળકને સારવાર માટે ખસેડાયો હતો.



આ અંગેની માહિતી મુજબ કુબ્બલીયાપરા-૫માં સાસરૂ ધરાવતી કિરણ વિજય પરમાર નામની મહિલા ચારેક મહિનાથી થોરાળા મેઈન રોડ પર કસ્તુરબા હરિજનવાસ પાસે પોતાના ભાઈ પ્રવિણભાઈ સોલંકીને ત્યાં રિસામણે આવી છે. તેણીને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર શિવમ (ઉ.વ.૩) છે. કિરણબેને જણાવ્યું હતું કે પતિ દારૂ પી માથાકુટ કરતો હોઈ પોતે રિસામણે આવી છે. રાતે નવેક વાગ્યે પતિ વિજય ફરી દારૂ પી મારા માવતરના ઘરે ધસી આવ્યો હતો અને ત્રણેય સંતાનને મારે લઈ જવા છે તેમ કહી બૂમબરાડા કરતાં પોતે ગભરાઈ જતાં બાળકોને લઈ રૂમમાં પુરાઈ ગઈ હતી. જેમાં બે દિકરીઓ સાથે આવી ગઈ હતી પણ ત્રણ વર્ષનો દિકરો શિવમ બહાર રહી ગયો હતો. આ દિકરાને બાદમાં પિતા વિજય રાજેશ પરમાર રોડ પર લઈ ગયો હતો અને ત્યાં છરીના હાથાથી તેને માથા, વાંસામાં ઘા ફટકારતાં તેણે ચીસાચીસ કરી મુકી હતી. એ પછી બીજા લોકો અને માતા સહિતના દોડી આવતાં વિજયને પકડી લીધો હતો અને પોલીસને જાણ કરી હતી. શિવમને મારકુટ થઈ હોઈ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ અને ભાવેશભાઈ મકવાણાએ થોરાળા પોલીસને જાણ કરી હતી.

# મોટામવા ખાતે પોલીસના ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી કાર્યક્રમ અંતર્ગત અનેક પ્રશ્નો ઉદ્‌ભવ્યા

## નાગરિકો દ્વારા અસામાજિક તત્વો, મચ્છી માર્કેટ અને પાર્ટી પ્લોટમાં લાઉડ સ્પીકર અંગે રજુઆત કરાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોટામવા વિસ્તારમાં ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં બહોળી સંખ્યામાં રહેવાસીઓ ઉપસ્થિત રહયા હતા. મોટામવા વિસતારના રહેવાસીઓએ પાર્ટી પ્લોટમાં મોડી રાત સુધી ચાલુ રહેતા લાઉડ સ્પીકર તેમજ આજુબાજુમાં રહેતા અસામાજીક તત્વો તથા મટન માર્કેટમાં મરછી,માસ મટનનું વેંચાણ થતું હોવાથી આસપાસના વિસતારમાં શાળાઓ હોવાથી બાળકોને સ્કુલે મુકવા જતી વખતે વાલીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ઉપરોકત તમામ પ્રશ્નો અંગે તાત્કાલિક કાર્યવાહી કરવા અંગે રજુઆત કરી હતી.

આ તકે ડિસીપી ઝોન-૨ જગદિશ બાંગરવાએ નાગરીકોએ કરેલ રજુઆત અંગે નિરાકરણ લાવવા ખાત્રી આપી હતી.તેમજ પોલીસની ત્રણ વાત કરતાં જણાવ્યું હતું કે સાયબર ફ્રોડનું પ્રમાણ વધ્યું હોવાથી સોશ્યલ મીડીયાનો ઉપયોગ તથા અણસમજ.લાલચ નાલીધે બહુ મોટી આર્થિક નુકશાની ભોગવાનો વારો આવતો હોવાથી ઓ.ટી. પી કોઈને શેર કરવા નહીં કે કોઈ અજાણી લીંક ખોલી લેવી નહીં તથા કોઈ અજાણ્યા નંબર ઉપરથી કોઈપણ સોશ્યલ મિડિયામાં વિડિયો કોલ ઉપાડી વાતો કરવો નહીં તેમજ વ્યાજે નાણા આપવાનું લાયસન્સ ના હોય તેમજ મની લેન્ડીંગ એકટ ના ધારા ધોરણ મુજબ વ્યાજના દર કરતા વધુ રૂપીયા ચુકવી દેવા છતાં રૂપીયા માટે પઠાણી ઉઘરાણી કરતા હોય અને પ્લોટ.મકાન કે જમીન લખાવી લીધી હોય તો નજીકના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવી તથા અસામાજીક તત્વો ઉપર તેમજ ગેર કાયદેસર કામ કરતા ઈસમો ઉપર કાર્યવાહી કરવાની કામગીરીમાં પંચો તથા સાહેદોમાં રહી પોલીસને મદદરૂપ થવા સુચના અપાઈ તથા આત્મહત્યાનું પ્રમાણ વધ્યું હોય તેમજ કોઈપણ પ્રકારની તકલીફ હોય કે પછી કોઈ પરેશાન કરતાં તેવી કોઈ વાત હોય તો જીવન આશા હેલ્પલાઈન નં- ૧૮૦૦૨૩૩૩૩૩૦ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# બહુચર્ચીત ભાસ્કર અપહરણ ખંડણી કેસમાં ફરિયાદી આરોપીને ન ઓળખી શકયા

## ૨૪ વર્ષ પૂર્વેના કેસમાં ૪૭ સામે ગુનો નોંધાયો'તોઃ બે શખ્સોના એન્કાઉન્ટર તથા ૧૧ શખ્સોના કુદરતી મૃત્યુ થયાઃ આજે વધુ સુનાવણી થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના બહુચર્ચિત ભાસ્કર-પરેશ અપહરણ કેસમાં ચાર્જ ફ્રેમ થતા કોર્ટમાં લાંબા સમય બાદ કેસ ચાલવા ઉપર આવ્યો હતો કોર્ટમાં બંને અપહ્યુતની જુબાની લેવાઈ હતી પરંતુ તે બંને આરોપીઓને ઓળખી શક્યા ન હતા આ કેસમાં ૪૭ સામે ગુનો નોંધાયો હતો જે પૈકી બેના એન્કાઉન્ટર થયા હતા જયારે ૧૧ લોકોના કુદરતી મૃત્યુ થયા હોય હવે કાનૂની જંગમાં ફરિયાદ પક્ષે સરતપાસ અને બચાવ પક્ષે ઉલટ તપાસનો દૌર શરુ થશે.



આ કેસની હકીકત જોઈએ તો શહેરના યાજ્ઞિક રોડ ઉપરથી તારીખ ૧૨ નવેમ્બર ૨૦૦૦ના રાત્રે વેપારી ભાસ્કર પ્રભુદાસ શાહ અને પરેશ લીલાધર પારેખ નામના બે યુવાનોનું અપહરણ કરી ૨૦ કરોડની ખંડણી માંગવામાં આવી હતી તત્કાલીન પોલીસ કમિશ્નર સુધીરકુમાર સિંહએ દુબઈ, લંડન પોલીસ અને એનઆરઆઈની મદદથી જુદી જુદી ટીમો બનાવી હતી જેમાં ભરૂચમાં રાજશી મેરનું એન્કાઉન્ટર કરી પરેશ શાહને છોડાવી લેવામાં આવ્યો હતો જયારે ભાસ્કર શાહને ફઝલ ગેંગએ મૂક્ત કર્યો હતો જયારે સરધાર નજીક રાજાન ઉર્ફે આસિફ રજખખાનનું એન્કાઉન્ટર થયું હતું બાદમાં ૨૬ નવેમ્બર ૨૦૦૦ના રોજ ૪૭ શખ્સો સામે પરેશ શાહએ ફરિયાદ નોંધાવી હતી જેમાં ૧૫૪ વિટનેસ હતા.


આ કેસ કોર્ટમાં ચાર્જ ફ્રેમ થતા કાનૂની જંગ શરુ થયો છે આ કેસમાં ૧૧ લોકોના મૃત્યુ થયા છે આજે કોર્ટમાં આફતાબ અન્સારી અને વિશાલ માડમને રજુ કરવામાં આવ્યા હતા જો કે ભોગ બંને બંને આરોપીઓનેઓળખી શક્યા ન હતા ફરિયાદી અને સાહેદની જુબાની લેવામાં આવતા ઘટનાનું વર્ણન કર્યું હતું સરકારી વકીલ મહેશ જોષી દ્વારા પરેશ શાહની સરતપાસ લેવાઈ હતી જેમાં બનાવ કેવી રીતે બન્યો, અપહરણ કેવીરીતે થયું, બનાવનું કારણ વગેરે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા હવે અન્ય સાક્ષીઓને પણ આજે બોલાવવામાં આવ્યા છે તે સાક્ષી અને પુરાવા તપાસવામાં આવશે.

# અગ્નિકાંડમાં જીવતા ભુંજાયેલા પુત્રના અસ્થિ શાહીમાં ભેળવી માતાએ હાથ પર ટેટુ બનાવડાવ્યું

## લાડકવાયાનું ટેટુ ચિતરાતું હતું ત્યારે માતા ચોંધાર આંસુએ રડતા રહ્યા, આર્ટિસ્ટની આંખો પણ ભીંજાતી રહી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અગ્નિકાંડમાં શહેરના નિર્મલા રોડ પર રહેતો એક બાળક જીવતો ભુંજાઈ ગયો હતો. તેમની માતાએ દીકરાના અસ્થિ શાહીમાં ભેળવીને પોતાના હાથ પર પુત્રની તસવીરનું ટેટૂ ચિતરાવ્યું છે. આટિસ્ટ આ માતાના હાથમાં તેમના દીકરાની તસવીરનું ટેટૂ ચીતરતો હતો ત્યારે માતાની આંખમાંથી સતત આંસુની ધારા વહી રહી હતી. આ દસ્યો જોઈને કોઈપણની આંખોમાંથી આંસુ સરી પડે... રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં થયેલ અગ્નિકાંડમાં કુલ ૨૭ લોકોના મૃત્યુ થયા છે. જેમાં અનેક બાળકોનો સમાવેશ થાય છે. આવું જ એક બાળક એટલે રાજભા ચૌહાણ. શહેરના નિર્મલા રોડ પર રહેતા ચૌહાણ પરિવારનો લાડકવાયો તેમના ભાડેળાઓ સાથે ટીઆરપી ગેમ ઝોનમાં રમવા માટે ગયો હતો. ઘરેથી હસતા મોઢે નીકળેલો રાજભા ચૌહાણ પરત નહીં



આવે તેવું કોઈએ સ્વપને પણ વિચાર્યું નહોતું. પરંતુ ગેમ ઝોનમાં થયેલ અગ્નિકાંડમાં રાજભાનું મૃત્યુ નીપજતા પરિવાજનોને તેમના લાડકવાયાના માત્ર અસ્થિ જ હાથમાં આવ્યા હતા.

રાજભા ચૌહાણની માતા હવે પોતાના લાડકવાયાને હાથ પકડી રમાડી તો નહીં શકે, તેમને ખોળામાં બેસાડી લાડ તો નહીં લડાવી શકે પરંતુ તેમની યાદ કાયમ તેમના હાથમાં સાથે રહે તે માટે ખાસ ટેટૂ તૈયાર કરાવ્યું છે. ટેટૂ તો ઘણા બધા લોકો કરાવતા જ હોય છે, પરંતુ આ ટેટૂ ખાસ એટલા માટે છે કાળજુ પીગાળી દે તેવુ છે કે રાજભાના અસ્થિ તેમની માતા ટેટૂ બનાવવા માટે ટેટૂ શોપ પર સાથે લઈ ગયા હતા અને એ અસ્થિને ટેટૂ બનાવવા ઉપયોગમાં લેવાયેલ શાહીમાં મિક્સ કરી ભેળવી દેવામાં આવ્યા હતા અને પછી એ શાહીની મદદથી ટેટૂ આર્ટિસ્ટ દ્વારા રાજભાની તસવીર તેમની માતાના હાથમાં બનાવી દેવામાં આવ્યુ છે. ટેટૂ આર્ટિસ્ટે પણ પોતાની લાઈફમાં આ મુજબ ટેટૂ ક્યારેય પણ બનાવ્યું ન હતું તેમ કહી તેમની આંખ પણ ભીની થઈ ગઈ હતી.

મૃતક રાજભા ચૌહાણ માસા, માસી અને ભાઈ- બહેન સહિત ૧૦ જેટલા લોકો સાથે ફરવા માટે ગયા હતા. પરિવારના અન્ય સભ્યો નીચે રેસ્ટોરન્ટમાં હતા ત્યારે રાજભા ચૌહાણ તેમના પિતરાઈ ભાઈ અને બહેન ઉપરના માળે હતાં. તેઓ ઉપરના માળે ટ્રેમ્પોલિંગ ગેમ રમતાં હતાં. અચાનક આગ લાગતાંની સાથે જ રાજભાના મામા અને માસા તુરંત દોડીને ઉપરના માળે પહોંચ્યા હતા. પરંતુ તેઓ પણ ફસાઇ જતા નીચે ઊતરી શક્યા ન હતા અને મોતને ભેટયા હતા. રાજભાની સાથે સાથે તેમના મામા ઓમદેવસિંહ ગોહિલ, માસા વિરેન્દ્રસિંહ જાડેજા, માસાનો દીકરો ભાઈ ધર્મરાજસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા, માસાની ભત્રીજી દેવાંશીબા હિતેન્દ્રસિંહ જાડેજા સહિત કુલ ૫ લોકોના મોત નીપજ્યા છે.